ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૨ || અંક: ૧૦ || ઑક્ટોબર ૨૦૨૦ || સળંગ અંક : ૫૮૮

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.co.in

# Institute of Science & Technology for Advanced Studies & Research (ISTAR)



- Top Ranked College listed between 101 to 150 in India & 3rd College in Gujarat in NIRF Ranking (2020) by MHRD, New Delhi
- 1st Rank among All Engineering & Technology Institutes of Gujarat in GSIRF (2020) by KCG
- Top 3rd Rank among All Colleges of Gujarat in GSIRF by KCG (2019)
- Accredited 'A' Grade by NAAC & AAA by KCG (2014-2019)
- Recognized under 12 (B) & 2 (f) Acts of UGC, New Delhi (2012)

(Read more about this Institute on page no.: 32)




તંત્રી
ઉર્વીશ છાયા

પરામર્શન
નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા
ભગીરથ બ્રહ્મભટ્ટ • આર.પી. પટેલ
સંપાદન-સહાય

અનિતા એ. સાળુંકે, વિજય સુથાર

પ્રકાશક
ડૉ.એસ.જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
•
મુદ્રક
લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર


# વિ-વિદ્યાનગર


ચારુતર વિદ્યામંડળ પ્રકાશન
ઑક્ટોબર - ૨૦૨૦
વર્ષ: ૨૨ અંક: ૧૦
સળંગ અંક: ૫૮૮

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ: ૧૯૪૫


कर्मण्येवाधिकारस्ते ।


અધ્યક્ષ
શ્રી ભીખુભાઈ બી. પટેલ
માનદ્ મંત્રી
ડૉ.એસ.જી. પટેલ
માનદ્ સહમંત્રીઓ
• શ્રી બી.પી. પટેલ • શ્રી મેહુલ ડી. પટેલ
• શ્રી આર.સી. તલાટી • શ્રી વી. એચ. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઇ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


• અંકની છૂટક કિંમત: ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ: ₹ ૧૫૦/-
• વિદ્યાર્થી લવાજમ: ₹૧૦૦/- • આજીવન લવાજમ: ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઇકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર
'વિ-વિદ્યાનગર' **www.vvidyanagar.co.in** પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**आकम्पयन्फलभरानतशालिजालान्यानर्तयँस्तरुवरान् कुसुमावनम्रान्।**
**उत्फुल्लपङ्कजवनां नलिनीं विधुन्वन्यूनां मनश्चलयति प्रसभं नभस्वान् ।।**

સંદર્ભ : કાલિદાસ ગ્રન્થાવલી

फलों के बोझ से नम्र हुए, धानों की राशियों को कँपाता हुआ, फूलों से झुके हुए कुरबकों के पेड़ों को झकोरता हुआ, खिले हुए कमलवनों को तथा नलिनियों को हिलाता हुआ शरत्कालीन पवन युवकों के हृदयों को खूब मदमत्त बनाता है।


|| અતીતની અટારીએથી ||
» **ભાઈકાકાનો બાપુને પત્ર ....... ૦૩**

|| પ્રાથમ્ય || શુદ્ધતાના સાગર
» **એસ.જી.પટેલ ....... ૦૫**

|| આપણો વૈભવ અને વારસો || (પદ્ય વિભાગ)
» **ગંગાદાસ, ગોરખ, રવિરામ, જેમલ ....... ૦૮**

|| નવાં કાવ્યો ||
» **ચંદ્રકાન્ત પટેલ 'સરલ', દિનેશ કાનાણી, બેન્યાઝ ધ્રોલવી, મહેશ્વરી મહેતા 'ઉષ્મા' ....... ૦૯**

|| આપણો વૈભવ અને વારસો || (ગદ્ય વિભાગ) કષ્ટસહનની કિંમત ચૂકવીને
» **મો. ક. ગાંધી ....... ૧૦**

|| અભ્યાસ || અખબારોમાં તંત્રીલેખો
» **ડંકેશ ઓઝા ....... ૧૧**

|| લઘુકથા-૧|| જાંબુડો
» **શ્યામ ઠાકોર ....... ૧૩**

|| લઘુકથા-૨ || પાઉંભાજી
» **ગિરિમા ઘારેખાન ....... ૧૩**

|| સમીક્ષા || 'વિશ્વબંધુ'ની ગુણવત્તાસભર કવિતાની સરવાણી
» **રમેશ પટેલ ....... ૧૪**

|| નિબંધ || જગ પાવનિ ગંગોત્રી
» **હરીશ મહુવાકર ....... ૧૫**

|| વર્ષા-વિશેષ || વૃક્ષ ઉછેર (ભાગ-૩)
» **સમીર શાહ ....... ૧૮**

|| શ્રધ્ધાંજલિ || સ્વ. સુરેશ પરીખઃ નિતાંત પુસ્તક પ્રેમ
» **અજય પાઠક ....... ૨૧**

|| અભ્યાસ || ગાંધીયુગના પ્રમુખ વાર્તાકારોની દાંપત્યજીવનની વાર્તાઓમાં સામાજિક ચેતના
» **મુકેશભાઈ ખાતરીયાભાઈ ડુંગરીયાભીલ ....... ૨૩**

|| આયુર્વેદ || "Immunity passports" against viral infections, with special emphasis on COVID-19.......
» **Swagata Dilip Tavhare ....... ૨૬**

|| જ્ઞાન-વિજ્ઞાન || હોમી જહાંગીર ભાભા
» **શ્યામ ખંભોળજા ....... ૩૧**

|| સંસ્થા પરિચય || Institute of Science & Technology for Advanced Studies & Research (ISTAR)
» **Prof. Dr. Nirmal Kumar ....... ૩૨**

|| રમત-જગત || खेलोगे-कूदोगे बनोगे नवाब
» **पी. डी. शर्मा ....... ૩૫**

|| વિદ્યાવૃત્ત ||
» **૦૭, ૧૦, ૧૨, ૨૨, ૩૦, ૩૪, ૩૭, ૩૮, ૩૯**

# ભાઈકાકાનો બાપુને પત્ર

પૂજ્ય બાપુ,

આપનો તા.૨૬-૯-૪૫ નો પત્ર મળ્યો.* હું અહીંથી બહાર નીકળ્યો જ નથી. આપના પત્રની રાહ જેઈ બેઠો છું.

અહીં આપનો જવાબ મિટિંગને બીજે દિવસે આવ્યો હતો. આપનો જવાબ નહિ હોવાથી માની લીધેલું કે આપને વાંધો નહિ આવે.

આપની તબિયતને તો તકલીફ આપવાનો મને કદી ખ્યાલ આવે જ નહિ. સિદ્ધાંતની દૃષ્ટિએ વાંધો હોય તો હું આગ્રહ ન જ કરું, પણ જે પ્રવૃત્તિ આપના સિદ્ધાંતની વિરુદ્ધ હોય તે કરવા હું માગતો જ નથી. આપ જેટલી રજા આપશો એટલું જ કામ હાથ ઉપર લેવાશે. બંધારણની કલમોમાં પણ આપ કહેશો તે ફેરફાર કરાવી શકાશે.

આખી યોજનાનું મૂલ પ્રજાનું ઘડતર શી રીતે થાય, પ્રજા પગ ઉપર શી રીતે ઊભી રહે, અન્નવસ્ત્રે અને ઘરબાર તથા રાચરચીલે પરાવલંબી ન રહે, અત્યારના ગરીબમાં ગરીબ માણસો જિંદગીની જરૂરિયાતો મેળવી શકે, અને આ બધું પોતાના જ સહકારથી પ્રાપ્ત થાય, અને આ બધું શકય છે તે કરવા માટે જ પ્રયત્ન છે.

ગ્રામોદ્ધારની યોજના ફતેહમંદ કરવા, તથા જોઇતા માણસો તૈયાર કરવા, વર્કશોપ અને લેબોરેટરીની વ્યવસ્થા, તથા ઇન્ડસ્ટ્રીઅલ સ્કૂલ અને સાયન્સ અને એન્જિનિયરીંગ કોલેજો છે.

પ્રજાનું ઘડતર એ અનેક વર્ષોની તપશ્ચર્યા માગે છે અને એ આપ્યે જ છૂટકો છે. આ બધી યોજનામાં સરકારની મદદ કે દખલ રાખી નથી, ભલે આવતી કાલે કોંગ્રેસ સરકાર આવે છતાં પણ જો એમની દરમ્યાનગીરી હોય તો કામમાં મદદ કરતાં દખલ વધારે આવવાની. સરકાર હિસાબ તપાસી લે અને ચોકીદારી કરે એનો વાંધો નથી, જેથી બંધારણ સરકારી ધોરણે લીધું છે અને એ સિવાય મને બીજો સલામત રસ્તો ન જડયો.

પુને આપણે જરૂર હશે તો ફરીથી ચર્ચા કરીશું અને ત્યાર પછીથી જો આપને પ્રમુખ તરીકે નીકળી જવાની ઇચ્છા થાય તો તે પ્રમાણે વ્યવસ્થા સહેલાઇથી થશે.

આપનો પત્ર આવશે કે તરત હું પુના આવવા નીકળીશ. ત્યાં સુધી તો અહીં જ છું.

પ્રોગ્રેસ નીચે પ્રમાણે છે.

જમીનોના દસ્તાવેજ કરવાનો મુસદ્દો રા.ચુનીભાઇ વકીલે કરી આપ્યો. ત્યાર પછીથી સબ રજિસ્ટ્રાર, મામલતદાર અને ડેપ્યુટી ક્લેક્ટર બધાએ મળી તપાસી મંજૂર કર્યો. એની હજાર નકલો છપાવી લીધી છે અને વિદ્યામંડળને ખાતે જમીનો ચઢાવવાનું કામ શરૂ થયું છે. સ્ટેમ્પ ખર્ચ નહિ કરવું પડે.

એકાદ મહિનામાં ખેતરો ચોખ્ખાં થશે. તા.૧૫મી ઓક્ટોબરથી સર્વેનું કામ શરૂ કરવાનું છે. ઓડોલાઈટ સર્વે કરી, બહારની હદો નક્કી કરીને ટાઉન પ્લાનિંગ શરૂ કરાવી દઇશ. ત્યાં સુધીમાં લેવલ લેવાઇ જશે એટલે વૉટર સપ્લાય અને ડ્રેઈનેજ, તથા રસ્તાના નકશા થશે. ઇલેક્ટ્રિકલ સર્વે માટે વ્યવસ્થા કરું છું

માર્ચ એપ્રિલ સુધીમાં ટાઉન પ્લાનિંગ પ્રમાણે લાઇન-આઉટ જગ્યા ઉપર થઇ જશે. એટલે ગવર્મેન્ટ સર્વેયર પાસે સર્વે કરાવી નવા નંબરો નખાવશે. પછીથી સહુસહુના પ્લોટ દરેકના હાથમાં આવશે.

ઈંટોના ભઠ્ઠા માટે ડસ્ટકોલની માગણી કરી છે અને નવેમ્બરની શરૂઆતમાં બે ભઠ્ઠા શરૂ થશે. રોજની ચાલીસ હજાર ઈંટ નીકળે એવી વ્યવસ્થા છે. ચૂનાના ભઠ્ઠા ડિસેમ્બર કે જાન્યુઆરીમાં શરૂ થશે. બે થેલી કોલસીની વ્યવસ્થા કરી છે.

બે મોટર લોરીઓ માટે માગણી કરી છે અને બીજી બે માટે આ અઠવાડિયે માગણી કરશે.

એક ઘણો સારો કૂવો મળી ગયો છે. એમાં પંપ ગોઠવવાની વ્યવસ્થા કરું છું, જેથી ઇંટો માટે અને મકાનો બાંધવા માટે પાણીની વ્યવસ્થા થાય અને વધારાનું પાણી ખેતી માટે જશે.

હ્યુમ પાઇપો બનાવવાનું કારખાનું જાન્યુઆરી સુધીમાં નંખાઇ જાય એવી વ્યવસ્થા કરું છું.

પાવર હાઉસ માટે ૫૫૦ હોર્સ પાવરનાં એન્જિનો માટે પશાભાઈને કહેલું જ છે. પુનેથી પાછા ફરતાં તપાસ કરીશ, નહિ તો બીજી વ્યવસ્થા કરી લેવાશે.

નડિયાદ અને આણંદ ઇલેક્ટ્રિક કંપનીવાળા માણેકજી શેઠે આ યોજનાની હકીકત જાણ્યા પછીથી કરમસદમાં ઈલેક્ટ્રિસિટી માટે લાઇસન્સની માગણી કરી છે. આ વાત ખબર પડતાં ગર્વમેન્ટને લખવું છે કે ખેડા જિલ્લામાં કોઇપણ લિમિટેડ કંપનીને લાયસન્સ આપવું નહિ. ખેડા જિલ્લામાં સહકારી ધોરણે જોઇતી વીજળી ઉત્પન્ન કરી લેવા અમે તૈયાર છીએ.

આણંદ સહકારી ખનીજ ભંડારે ગઇ સાલના નફાના રૂા.૨૦૦૦૦ આ મંડળને આણંદ તાલુકાના ખેડૂતોના હિતની પ્રવૃત્તિ માટે આપવા ઠરાવ કર્યો છે.

આ રૂપિયા મળી ગયા પછીથી દરેક તાલુકા ભંડારોના વહીવટદારોને મળવા વિચાર છે. આથી ગ્રામોદ્ધાર યોજનામાં નાણાં આપોઆપ ઊભાં થતાં રહેશે.

નવા ગામ માટે તો પ્લોટ દીઠ ત્રણ શેરો લેવાનું ફરજિયાત થશે. એટલે વોટર સપ્લાય અને ડ્રેઇનેજ માટે રૂા.૪.૫ લાખની રકમ આપોઆપ ઊભી થશે. પાઇપો સાઇટ ઉપર બનાવી લેવાની છે. એટલે ઉપલી રકમમાંથી સહેજે દોઢ લાખ રૂપિયા બચશે જેમાંથી બે હજાર વીઘાની ખેતી માટે પાણી આપવાની વ્યવસ્થા થશે.

રસ્તાઓ માટે એસ્ટિમેટ થયા પછીથી જોઇતી રકમનો ગર્વમેન્ટ ટેકસ લેવાશે. આ રકમ વારે ત્રણેક આના આવશે.

વોટર સપ્લાય અને ડ્રેઈનેજ માટે બીજાં ત્રણેક ગામની માંગણીઓ છે. અહીંની સર્વે પૂરી થયા પછીથી બીજાં ગામની સર્વેનું કામ હાથ ઉપર લઇશ.

પૈસાની કંઇ ચિંતા નથી.

લિ.
ભાઈલાલના પ્રણામ

---

'ભાઈકાકા શતાબ્દી ગ્રંથમાંથી સાભાર

## શુદ્ધતાના સાગર

એસ. જી. પટેલ

''ભગવાન તારું ભલું કરે''-God bless you- આવા સુંદર શબ્દો મોટા ભાગના વડીલોના મુખથી અવારનવાર સાંભળવા મળે છે. આપણને સહજ સવાલ થાય કે બધા જ ધર્મોના લોકો ભગવાન પ્રત્યેની આસ્થા ખૂબ જ આદરપૂર્વક શાથી વ્યક્ત કરે છે? તે એક માર્ગદર્શક પ્રકાશ તરીકે બધાને ઉજ્જવળ દિશામાં આગળ વધવા સહાયક બને છે. તે અપૂર્ણ છે એવું કોઈના મુખથી બોલાયું હોય એવું સાંભળ્યું નથી. બહુ જ ઓછા લોકો એવા જોવા મળે છે કે જેઓ દુઃખના દિવસોમાં ભગવાનને ખોટી રીતે દોષિત ઠરાવી વિવરણ કરતા હોય છે. પણ આવું કંઈક ક્ષણિક હોય છે અને પછી ભગવાનના ભરોસે પોતાના મનને મનાવી લે છે. થોડાક સમય પછી એવું ભાન થાય છે કે આપણા જીવનમાં જે કંઈ અઘટિત થાય તેના માટે ભગવાનને જવાબદાર ગણાય નહીં. બીજી બાજુ જોઈએ તો, ભગવાન બધા માટે સારું અને શુધ્ધ જ વિચારે છે અને કોઈને પણ નુકસાન કરતા નથી. આના કારણે જ વિશ્વના બધા જ લોકો ભગવાનમાં વિશ્વાસ ધરાવે છે. અમેરિકાના ચલણી સિક્કા ઉપર IN GOD WE TRUST શબ્દોની કોતરણી થયેલ છે. ભગવાનને MOST BEAUTIFUL SPIRITUAL PARENT તરીકે સર્વ માનવો સ્વીકારે છે. તેઓ કહે છે કે ભગવાનને હજારો આંખો છે જેનાથી તે બધાને મીઠી નજર તળે રાખી સતત કાળજી લે છે અને સુખ-શાન્તિનું છત્ર પૂરું પાડે છે.

ભગવાનને શુધ્ધતાના સાગર માનવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં તેમનાથી વધારે શુધ્ધ કોઈ નથી. શુધ્ધતા એટલે ૧૦૦% આત્મા સભાન અવસ્થા જેમાં સભાન શરીર, સભાન અવસ્થાથી મુક્તિ હોય. ભગવાનની આવી અવસ્થા કાયમી હોય છે, જેમાં કોઈ ફેરફાર થતો નથી. ભગવાન એક સેકંડ માટે પણ દુઃખ અનુભવતા નથી. તે હંમેશાં શાંત સ્વરૂપ હોય છે, વિશ્વમાં બનતી નકારાત્મક અને હિંસાખોરીની ઘટનાઓ વધવા છતાં તેમની સ્થિતપ્રજ્ઞતા અચલ અને અડોલ રહે છે. એટલા માટે જ કહેવાય છે કે જગતના વિવિધ પ્રકૃતિ ધરાવતા લોકોના માબાપ તરીકેની ભૂમિકામાં ભગવાન પોતે આત્મા સભાન અવસ્થા સાચવી રાખી ગમે તેવી કટોકટીભરી પરિસ્થિતિમાં બધાની સમભાવ અને સમદૃષ્ટિથી સેવા કરે છે. ભગવાનની આ જ મહાન સુંદરતા અને નમ્રતા છે, જેના લીધે આખું વિશ્વ તેને ચાહે છે.

આવા મહાન માબાપ પાસેથી પ્રેરણા લઈ આપણે આપણી જાતને બદલી એવા સંતાન બનીએ કે જેથી પરમાત્મા પિતાના સાચા વારસદાર બની શકાય. આવું કરવા માટે ભગવાનને આપણો સાથી બનાવી સાચા અર્થમાં જોડાવાથી ભગવાનના સદ્‌ગુણોનો પ્રવાહ આપણા આત્મા દ્વારા શરીરમાં વહેતો રહે. એટલે જ કહેવત છે-''બાપ એવા બેટા અને વડ તેવા ટેટા.''

ભગવાન પોતે માતાપિતાનો રોલ ભજવતાં વિશ્વકલ્યાણની ભાવના બળવત્તર કરતાં હંમેશાં એવો વિચાર કરે છે કે આ વિશ્વ કેવી રીતે અતિસુંદર બને અને તેના પર વસતાં માનવો પ્રેમાળ અને મધુરતા-સંપન્ન બને. પૃથ્વી પર નિર્ભય વાતાવરણના સર્જન અર્થે કહેવત છે કે -''વાઘ અને બકરી એકી સાથે એક જ ઝરણામાંથી પાણી પીવે છે''આનો અર્થ એવો થાય કે ભગવાનના રોલ દ્વારા માનવો અને પ્રાણીઓ વચ્ચેનો નાતો પ્રેમ અને શાંતિનું વાતાવરણ સર્જે. ભગવાન બધાને એટલો પ્રેમ આપવા તૈયાર છે કે જેનાથી માનવીય સંબંધોની મીઠાશ સચવાઈ રહે. યાદ રાખો કે ભગવાન સાથે પ્રેમ કરવો એટલે આપણી સાથે સંકળાયેલ બધા સાથે પ્રેમાળ બનવું. આપણે જાણીએ છીએ કે જે લોકો અન્ય સાથે મધુરતાથી વર્તન કરે છે તેમના જીવનમાં ભગવાનનો પ્રેમ (મદદ) ભરપૂર હોય છે. ટૂંકમાં, ભગવાન પ્રત્યેનો પ્રેમ આપણને બીજા બધા પ્રત્યે પ્રેમ કરવા સહજ બનાવે છે.

ભગવાન કોઈને પણ કર્મો માટે શિક્ષા કરતો નથી, પણ તેમના પર કૃપા વરસાવે છે. તેને વિશ્વાસ છે કે તેનાં સંતાનોમાં પરિવર્તન આવશે અને સન્માર્ગે ચાલતા થશે કારણ કે બધી જ વ્યક્તિઓ મૂળભૂત રીતે શુધ્ધ અને પ્રેમાળ હોય છે. તેમની જે કોઈ નબળાઈઓ છે તે કામચલાઉ છે. આ ભગવાનનું મધુરતાસભર વ્યક્તિત્વ છે જેના લીધે બધા તેને પૂજે છે અને પ્રેમ કરે છે. એવું ન કહી શકાય કે તે ભગવાન છે એટલે બધા તેને પ્રેમ કરે છે. - NO ONE IS LOVED UNLESS HE IS GOOD-ભગવાને ઘણા વર્ષોથી જુદા જુદા રૂપ ધારણ કરી અબજો લોકોને ઉપકારક બન્યા છે. વળી કેટલાક દુષ્ટ લોકોનો સંહાર કર્યો છે. આ બાબતો આપણને વિષ્ણુપુરાણ, રામાયણ, મહાભારત જેવા ધર્મગ્રંથોના અભ્યાસથી ફલિત થાય છે. ભગવાનના દશાવતારમાં મત્સ્ય, કુર્મ, વરાહ અને નરસિંહ અવતાર

સતયુગમાં ગણાય છે. વામન, પરશુરામ અને રામ અવતાર ત્રેતાયુગમાં થયેલા છે કૃષ્ણ અને બુધ્ધ જુદા જુદા નામો (બલરામ, વીઠોબા, જગન્નાથ)સ્વરૂપે દ્વાપર યુગમાં થયેલા મનાય છે. કળિયુગના અંતમાં ભગવાનના કલ્કી અવતારની કલ્પના કરવામાં આવે છે. આમ, ભગવાનનું પૃથ્વી પર અવતરણ જ્યારે લોકોમાં પરિવર્તન લાવવાની જરૂરિયાત ઊભી થાય ત્યારે થાય છે. તેમના સંપર્કમાં આવનાર આત્માઓ વધારે સારા માનવ બને છે. વળી, ભગવાનના ગયા પછી લોકો તેમના દ્વારા થયેલા સત્કર્મોને યાદ કરી વારંવાર સ્મરણ કરતા હોય છે.

આપણી જેમ ભગવાન એ અધ્યાત્મ ઉર્જા છે. તેમનું પોતાનું સુંદર અને આદરણીય વ્યક્તિત્વ છે. તેમની પ્રતિભા એટલી ચુંબકીય આકર્ષક છે કે જેથી તેમની નજીક પહોંચનાર વ્યક્તિ સ્વીકારે છે કે તેને પાછલા અનેક જન્મોના સત્કર્મોની ભેટ મળી છે. આ દર્શાવે છે કે ભગવાન કેટલા મૂલ્યવાન છે અને કોઈ પણ દેહધારક માનવની એમના ગુણો સાથે સરખામણી થઈ શકે નહીં. માટે જ, ભગવાન એ વિશિષ્ટ પ્રકારની શક્તિ છે જેનાથી લોકો તેમને પૂજતા હોય છે. કેટલાક લોકો પોતાને ભગવાન કહેવડાવે છે અને અપેક્ષા રાખે છે કે તેમનું પૂજન થાય. આવા લોકો કેટલીક અધ્યાત્મ શક્તિ ધરાવે છે ખરા, છતાં ભગવાનની જેમ સંપૂર્ણ ગુણો હોતા નથી. તેમનામાં આવી જતા દેહ અભિમાનને કારણે વિકૃતિના ભોગ બનતા હોય છે. માનવજાતમાં કહેવાતા લોકો અહં, ક્રોધ કે લંપટપણાના ભોગી બને છે, એવા કિસ્સા સાંભળવા મળે છે. ભગવાનની પ્રતિભા એટલી બધી ન્યારી-પ્યારી અને નિરાળી હોય છે જેનાથી તે પૂજનીય હોય છે.

વિશ્વમાં કોઈપણ સ્થળે માણસ ભગવાન કે GOD શબ્દ ઉચ્ચારે ત્યારે તેની નજર ઉપર જાય છે. આનો અર્થ એવો નથી કે ભગવાન માત્ર આકાશથી પાર રહે છે પણ તે દર્શાવે છે કે ભગવાન PUREST AND HIGHEST OF HIGHEST છે. તેને પિતાઓના પિતા તરીકે વર્ણવવામાં આવે છે. તે માનવજાતના સર્વોચ્ચ માબાપ છે. તે ભગવાન તરીકેની ભૂમિકા ભજવવામાં અને ગુણોમાં સર્વોચ્ચ છે. ભગવાન એ વિશ્વનો અત્યંત શક્તિશાળી આત્મા છે. તેમની શક્તિના પરિણામે આ વિશ્વના લોકોમાં એમના સદ્ગુણોનો અંશ મળ્યા કરતો હોય છે.

ભગવાનની પરમ શક્તિને સમજવા એક પ્રેરક પ્રસંગ જોઈએ. એક વખત એક સેવાભાવી સંસ્થાની અંદર કુદરતી આફત વખતે સેવાકાર્ય ચાલી રહ્યું હતું. આ દરમ્યાન એક દાદા જૂની ધોતી ઉપર બંડી પહેરી રીક્ષામાંથી નીચે ઊતર્યા. એ કાર્યાલય તરફ આગળ વધતા હતા. એક હાથમાં લાકડી, બીજા હાથમાં ઝોળી, આંખે ચશ્મા, પગમાં જૂનાં ચંપલ, છતાં ચાલમાં ખુમારી હતી.

એ કાર્યાલય તરફ આગળ વધ્યા એટલે ત્યાંની ઑફિસના કર્મચારીએ દાદાને રોક્યા....''દાદા લાઈનમાં ઊભા રહો, અથવા અહીં બેસો તમારો વારો આવશે એટલે બોલાવીશું...'' દાદા બાંકડા ઉપર બેસી લાઈનમાં ઊભેલા વ્યક્તિઓનું નિરીક્ષણ કરી રહ્યા હતા...!! લોકો મોઢા ઉપર પોતાની ઓળખ છુપાવવા માટે રૂમાલ, ઓઢણી ઢાંકી ટિફિન પકડી લાઈનમાં ઊભા હતા. કોઈ મોબાઈલથી વીડિયો ઉતારતા હતા તો કોઈ ફોટા પાડી રહ્યા હતા... આવા સંકટ સમયે સંજોગોના શિકાર બનેલ વ્યક્તિઓના પણ ફોટા અને વીડિયો ઉતારી અમુક લોકો નીચ હરકતો કરી વિકૃત આનંદ મેળવી રહ્યા હતા.

અચાનક કોઈએ બુમ પાડી. દાદા આવી જાવ તમારું ટિફિન લઈને!! દાદા નજીક ગયા. ઓફિસમાંથી અવાજ આવ્યો-દાદા વાસણ ઘરેથી લાવવાનું. દાદા બોલ્યા, 'બેટા હું એ માટે નથી આવ્યો, મારે અગત્યની વાત કરવી છે.' '...પણ અત્યારે દાદા, અમારી પાસે સમય નથી....' ઓફિસમાંથી અવાજ આવ્યો. અરે બેટા, ડોનેશન માટે વાત કરવી છે. ઓફિસનો કર્મચારી દાદાને ઉપરથી નીચે સુધી જોવા લાગ્યા પછી બોલ્યા, સારું આવો!! દાદા ઓફિસમાં ગયા, બોલ્યા ડોનેશન લ્યો છો? હા દાદા, અત્યારે તો ખૂબ જરૂર છે. બોલો, કેટલા રૂપિયાની રીસિપ્ટ ફાડું.

દાદાએ ઝોળીમાં હાથ નાખી ચેક બુક કાઢી ચેક લખ્યો એ હાથમાં પકડતાં જ સંસ્થાનો કર્મચારી ઊભો થઈ ગયો. બે વખત મીંડાઓ ગણવા લાગ્યો. દાદા સામે જોઈ બોલ્યો, ''દાદા, આ રકમ તમે તમારી જાગૃત અવસ્થામાં લખો છો? તમારા પરિવારને આ બાબતની જાણ છે? આ ચેકની રકમ બે કરોડ રૂપિયા છે, એ આપ જાણો છો?''

''હા બેટા, મારા પરિવારને ખબર છે અને ચેકની રકમ બે કરોડ રૂપિયા છે એ પણ હું જાણું છું. વધારે ખાતરી કરવી છે? પણ, આ ચેક સામે તમારે મને એક વચન આપવું પડશે.''

'બોલો દાદા...' આ સંસ્થામાં આવતી દરેક વ્યક્તિ પીડિત હોય છે. તે કોઈ પણ ખરાબ સંજોગોના શિકાર બનેલ હોય છે..... આવી વ્યક્તિઓના ફોટા પાડવા, વીડિયો ઉતારવા યોગ્ય લાગે છે?....''ના દાદા!!''

આ કોઈ કીર્તિદાન નથી બેટા, તેથી...બસ, મારી નાની શરત છે. ''આ સંસ્થામાં ફોટો તથા વીડિયો ઉતારવાની મનાઈ છે.'' આટલું બોર્ડ મારી દેજો!! કાર્યાલયનો સ્ટાફ દાદાને હાથ જોડી બોલ્યા- ''દાદા, કોઈના પહેરવેશ ઉપરથી વ્યક્તિ વિશે અનુમાન ન બાંધવું જોઈએ. અમે તમને ઓળખવામાં ભૂલ કરી....'' દાદા, દાનની રીસિપ્ટ કોના નામે બનાવીએ...? દાદા બોલ્યા.... દાન નહીં, બેટા ભેટ બોલ, રીસીપ્ટની તો મારે જરૂર નથી છતાં પણ આપવી હોય તો મારા નામની જગ્યાએ લખ....''કૃષ્ણ અર્પણમ્''

બેટા, ધરતીકંપ વખતે તારી સંસ્થાનું ઘણું અમારા પરિવારે ખાધું હતું. ત્યારે જ મેં નિર્ણય લીધો હતો. સમય આવે એક એક દાણાનો વ્યાજ સાથે હિસાબ અહીં હું પરત કરીશ. થોડા સમય પહેલાં મારો બંગલો વેચાયો, તેની રકમની વ્યવસ્થા માટે મેં જ્યારે મારા પુત્ર કૃણાલને અમેરિકા ફોન ક્યારે ત્યારે તેણે માત્ર એટલું જ કીધું... પપ્પા, આપણો પરિવાર ધરતીકંપ વખતે બચી ગયો હતો, એ કોઈ કુદરતી સંકેત સમજી લ્યો. આપણે ન બચ્યા હોત તો આ મિલ્કત લાવારીસ જ પડી રહી હોત.... જેણે બચાવ્યા તેને અર્પણ કરી દ્યો. જે સંસ્થાનું આપણે ખાધું હતું, તે સંસ્થાને પાછું આપી તમારું ઋણ ઉતારો પપ્પા!!! અહીં ભગવાને મને ઘણું આપ્યું છે. પુણ્યનું ભાથું ભરી લ્યો, મોડું ન કરતા....

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર

## ।। શ્રધ્ધાંજલિ ।।

### પદ્મ વિભૂષણ પં.જસરાજજી

રમા મનુભાઈ દેસાઈ મ્યુઝિક એન્ડ ડાન્સ કોલેજ વિ.વિદ્યાનગર (આણંદ) ખાતે પદ્મ વિભૂષણ પં.જસરાજ જી ને શ્રધ્ધાંજલિ આપતો ''સ્વરાંજલિ'' કાર્યક્રમ યોજાયો.

તા.૧૭/૦૮/૨૦ના રોજ પં.જસરાજજીનું નિધન થયું. દેશવિદેશમાં પં.જસરાજજીને ''સ્વરાંજલિ'' આપવામાં આવી રહી છે. કોવિડ-૧૯ ગાઈડલાઈનને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓ, વાલીઓ, સંગીત રસિકો માટે તા.૧૦/૦૯/૨૦નાં રોજ રમા મનુભાઈ દેસાઈ મ્યુઝિક એન્ડ ડાન્સ કોલેજમાં પણ ''સ્વરાંજલિ'' કાર્યક્રમ ફેસબુક પર લાઈવ(જીવંત) પ્રસારણમાં યોજાયો. શ્રી સંગીત વિદ્યાલય આણંદના સ્થાપક શ્રી ઈશ્વરભાઈ, પ્રમુખ-દિપકભાઈ, અને કોલેજના આચાર્યશ્રી ડૉ.ધીરુભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા.

કાર્યક્રમમાં પં.જસરાજજી રચિત સ્વરાંકનના પદ અને બંદીશની રજૂઆતો કરવામાં આવી. આ કાર્યક્રમમાં શ્રી ઈશ્વરભાઈ, કોલેજના આચાર્યશ્રી ડૉ.ધીરુભાઈ દેસાઈ, ધર્મિષ્ઠાબેન અમીન, અધ્યાપકશ્રીઓ તસવુર મલેક, ધવલભાઈ પટેલ(હાર્મોનિયમ), મિત પાંડવ(તબલાં), વિલિસ પરમાર, મેઘના પટેલ, ઊર્મિબેન ત્રિવેદીએ તેમજ વિદ્યાર્થીઓમાં આધ ગૌતમ, તુલસી જોશી, અંજલી મેકવાન, ધૃવિલે(ઢોલક)પ્રસ્તુતિ આપી. સી.વી.એમના મા. સહમંત્રી શ્રી તલાટી સાહેબે શુભેચ્છાઓ પાઠવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગાયન વિભાગના અધ્યાપક તસવુર મલેકે કર્યું હતું.

## ।। વિદ્યાવૃત્ત ।।

### વાસંતીબેન અને ચંદુભાઈ પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં રાષ્ટ્રીય ખેલ દિવસ ઉજવાયો.

આપણા ભારત દેશના હોકીના ખેલાડી મેજર ધ્યાનચંદના જન્મદિન નિમિત્તે ભારતમાં દર વર્ષે ૨૯મી ઓગસ્ટના દિવસને 'રાષ્ટ્રીય ખેલ દિવસ' (રાષ્ટ્રીય સ્પોર્ટ્સ દિવસ) તરીકે ઉજવવામાં આવે છે. મેજર ધ્યાનચંદને હોકીના જાદુગર તરીકે પણ ઓળખવામાં આવે છે. આ વર્ષે પણ ૨૯મી ઓગસ્ટ-૨૦૨૦ ના રોજ રાષ્ટ્રીય ખેલ દિવસ મનાવવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે તાજેતરમાં કોરોના જેવી વૈશ્વિક મહામારી વચ્ચે પણ ચારુતર વિદ્યામંડળ સંચાલિત વાસંતીબેન અને ચંદુભાઈ પટેલ અંગ્રેજી વિદ્યાલયમાં આ દિવસની ઓનલાઈન ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ કેટલીક મર્યાદાઓની વચ્ચે પણ ખૂબ જ ઉત્સાહથી વિવિધ ખેલકૂદ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. દર વર્ષે શાળાઓમાં રાજ્ય તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાઓએ ખેલમહાકુંભનું આયોજન કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે કોવિડ-૧૯ જેવી વૈશ્વિક મહામારીના કારણે ખેલમહાકુંભ શક્ય નથી ત્યારે એક દિવસના રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કે.જી થી બારમા ધોરણના વિદ્યાર્થીઓને તેઓની કક્ષા અનુસાર વિવિધ ખેલ પ્રવૃત્તિઓ આપવામાં આવી હતી. શાળાના સ્પોર્ટ્સ શિક્ષકો દ્વારા વિડીયોગ્રાફી વડે વિદ્યાર્થીઓને આ દિવસનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓએ પણ પોતાને સોપવામાં આવેલી દરેકે દરેક ખેલ પ્રવૃત્તિઓના વિડીયો બનાવી શાળામાં મોકલ્યા હતા. કેટલાક વિદ્યાર્થીઓએ પોતાના પ્રિય ખેલાડીઓના સુંદર ચિત્રો દોરી પોતાની આ કલાનું સુંદર પ્રદર્શન કર્યું હતું. શાળાના નવનિયુક્ત આચાર્યશ્રી ડૉ.પી.વી.સત્યારમેશે સૌને પોત્સાહિત કર્યા હતા.

## મન કરી લેને વિચાર

**ગંગાદાસ**

મન કરી લેને વિચાર, જીવન થોડા,
તારા હરિકથાની માંહ્ય, કાન છે બોડા,
અંતે જાશો જમપુરી માંહ્ય, જડશે જોડા;
તેથી રામ નામ સંભાર..............................મન.

મોર મુકુટ ધર્યો શિર ઉપર, દર્પણ કર મોઝાર;
વેઢ વીટિયું હાર ગળામાં, ખૂબ ધર્યો શણગાર,
પગમાં તોડા.....મન.

હસ્તી ઉપર કનક અંબાડી, ખમા કહે છડીદાર;
રથ મિયાના ઊંટ પાલખી, કહેતાં ન આવે પાર,
ચડવા ઘોડા.... મન.

લોભ ન મૂકે, કામ ન ચૂકે, ઘરધંધાની માંય;
મૂરખ મનવા કછુ ન બૂઝે, તીર્થગમનની માંય
પાંવ છે ખોડા......મન.

સંસાર સાગર મહાજળ ભરિયો, રામનામકી જહાજ;
ગંગાદાસકું જ્ઞાન બતાયો, રામદાસ મહારાજ,
ખરાની વેળા......મન.

## એરણ અજબ બનાયા

**ગોરખ**

એરણ અજબ બનાયા, મેરા સતગુરુ!
એરણ અજબ બનાયા.
આગ મિલા કર એરણ થાપી,
ધડીઆ તાર મિલાયા રે જી,
નુરત સુરત કી નળિયું મિલા કે
ઉલટા પવન ચલાયા. --મેરા સતગુરુ૦

હરદમ હથોડા સુરતાની સાણસી,
શી કલ અકલ મિલા રે જી,
કબુધી કાંટે કેરા લકડા જલાએ હે
આતમકું ખૂબ તાયા. --મેરા સતગુરુ૦

સત કેરા સાયબ પ્રેમરસ પાયા,
તે મારી તલપ બુઝાયા રે જી,
મમતા મારી ભલા વશ કીયા
આતમકું સુખ આયા. --મેરા સતગુરુ૦

નાભિકમલ પર નાવ ચલત હૈ,
તિકોટિ ધ્યાન લગાયા રે જી,
મછંદર પ્રતાપે ગોરખ બોલ્યા
અમ્મર આરા થપાયા.
મેરા સતગુરુ, એરણ અજબ બનાયા.

## સો ખેલે ચોધારા

**રવિરામ**

સંતો, બૂઝે બાવન બારા,
જા કે હરદે ગુરુગમ પ્રગટે, સો ખેલે ચોધારા.

પાંચ પચીસ પરિબ્રહ્મસે ઉપજે, સ્યાના સમજી જાવે,
ચોઈ દિસે, સોઈ રમે અકેલા, આપેં નાવ ચલાવે.

નયનકમલસે નીરખ્યા નટવર, ખોલ્યા કરમ કપાટા,
દિલમેં દરસ્યા દેવ નિરંતર, નકરા હુવા નિરાટા.

અકળ કળા કળ્યામાં ના'વે, અનુભવી એને બૂઝે,
ઓહં સોહં શબદ ઓળખો, ચૌદ લોક તો સૂઝે

ઝળકત જ્યોતિ નૂર અપારા, મનવા તિહાં મિલાયા,
કહે રવિરામ ગુરુ ભાણ પ્રતાપે, અજર અમર પદ પાયા
સંતો, બૂઝે બાવન

## બન શિયા ફકીર

**જેમલ**

બન ગિયા ફકીર,
ગુરુ, તારા નામને જંજીર
બાવા, મેં બન ગિયા ફકીર જી.

લાગી લગના, ચડી ગગના, તરવેણીને તીર જી.
દેવીદેવતા મળે મળિયાં, ગુણપતિ ગંભીર.

અજપાના જાપ જપતાં, ચડે ઉલટી વીર જી,
દસમે દ્વારે ચડીને જોયું, દેખ્યા અણઘડ પીર.

અખંડ ધારા અમી વરસે, સુવાન્તુનાં નીર જી,
વિના પાળે સરોવર ભર્યાં, હંસા નાયા નરમળ નીર જી.

જોત જાગી, ભ્રાંત ભાગી હૈયે આવેલ ધીર જી,
જેમલ ભારથી બોલિયા ગુરુ ભાંગી ભવની ભીર.-
બાવા, મેં બન ગિયા ફકીર.

## વિશેષ મળે છે

ચંદ્રકાન્ત પટેલ 'સરલ'

એવા ઘણાય દેશ મળે છે.
જેમાં વિશેષ વેશ મળે છે.

ખડકી ભલેને બંધ હો એની,
મનમાં એનો પ્રવેશ મળે છે!

મતલબ અમે તો વિશુદ્ધ રાખ્યા,
એમાં ન ભેદઃ દ્વેષ મળે છે.

આધાર છે, સીડી છે, ગગન છે;
હિંમત કે ન પ્રયાસ મળે છે!

ખંઢેર ઘરને જોયું તપાસી,
એની નીચે કલેશ મળે છે!

જુવાનીએ તો જોર ગુમાવ્યું,
કાળા કરેલ કેશ મળે છે!

સંસ્કૃતિની ખબર નથી જેને,
એવા મને પ્રદેશ મળે છે.

ઝાલીને આંગળી મેં ચલાવ્યો,
સાંજે એની જ ઠેસ મળે છે!

શ્રદ્ધાના પાઠ છે, ન શંકા કર,
એમાં મજા વિશેષ મળે છે!

''સંસ્કૃતિ દર્શન'' કાર્યાલય, રતનપરા
શેરી નં-૦૧, બાગદરવાજા,
માણાવદર-૩૬૨૬૩૦(જિ-જૂનાગઢ)
મો.:૮૭૩૫૯૦૨૪૨૪

## ગઝલ

દિનેશ કાનાણી

રાખી શ્રદ્ધા એ જ મોટી વાત છે
છોડી શંકા એ જ મોટી વાત છે

પાંપણો પર આંસુઓ આવે ભલે
દર્દ ઝીલ્યાં એ જ મોટી વાત છે

વસમું લાગે એટલું બોલ્યા બધાં
તોય બેઠા એ જ મોટી વાત છે

મૌનના કાતિલ પ્રહારો સામે પણ
કૈંક બોલ્યા એ જ મોટી વત છે

ખુદને ભૂલી, જિંદગીના ચિત્રમાં
રંગ પૂર્યા એ જ મોટી વાત છે

આ સમયનું બે ઘડી તો બે ઘડી
સ્મિત પામ્યા એ જ મોટી વાત છે

''શ્રી રામ'' ૭, નારાયણ નગર, ઢેબર
રોડ (સાઉથ), રાજકોટ-૩૬૦૦૦૨,
મો.:૯૮૨૪૨૧૯૦૯૬

## આદમ થૈ નીકળે

બેન્યાઝ ધ્રોલવી

શબ્દનો વરસાદ મૌસમ થૈ નીકળે,
ને ગઝલનું ઘાસ જાજમ થૈ નીકળે.

મોસીકી રિયાઝ પણ થાતું આંગણે,
આખું ઘર સંગીત થૈ સરગમ નીકળે.

સૂર્યની ઘટના બગીચામાં ઝળહળે,
આમ ફૂલો, આમ શબનમ થૈ નીકળે.

ચાંદની પગ નૃત્યે રણકે છે ઘૂંઘરું,
જોઉં પૂનમ રાત છમછમ થૈ નીકળે.

ઝૂમતા સૌ સ્મિત રંગી દરબારમાં,
અશ્રુ શેખાદમ જે આદમ થૈ નીકળે.

જોઉં કરબલ યાદે સરઘસને તાજીયા,
દશ્ય હૈયાફાટ માતમ થૈ નીકળે.

પ્યાસી છું ''બેન્યાઝ'' તું પવિત્ર જામભર,
આમ ગંગા, આમ ઝમઝમ થૈ નીકળે.

કાઝીવોચ કંપની, જેલ રોડ, કાપડબજાર,
ધ્રોલ-૩૬૧૨૧૦, જામનગર,
મો.:૮૪૦૧૦૩૫૪૭૭

## મૃગજળ પર નજર

મહેશ્વરી મહેતા 'ઉષ્મા'

છે, સમય ઓછો અને લાંબી સફર જોયું જશે,
ઝંપલાવ્યું સાગરે ઊંડા ભંવર જોયું જશે.

છો અહીં દેખાય રણ બસ રણ ભલે ચારે તરફ,
છે ખબર ને તો ય મૃગજળ પર નજર જોયું જશે.

કર્મથી ચર્ચાય માનવ માનવીથી જિંદગી,
મૂલ્ય કોનું આંકવું કોની કદર જોયું જશે.

કેટલી યાદો ઠરી છે ફૂલ પરઝાકળ થઈ!
સૂર્ય સ્પર્શે થાય છે કેવી અસર જોયું જશે.

શ્વાસનો આ કાફલો આગળ વધે મંઝિલ તરફ,
ક્યાં જશે એ ક્યાં અટકશે બે ખબર જોયું જશે.

'સાતક' ૧૨૬૮ 'અ' ૪ ટી.વી. કેન્દ્ર રોડ, ગોઘા સર્કલ.,
ભાવનગર-૩૬૪૦૦૧ મો.: ૯૪૨૬૫૯૦૦૪૬

॥ ગદ્ય વિભાગ ॥

## કષ્ટસહનની કિંમત ચૂકવીને

**મો. ક. ગાંધી**

૧૯૦૬ની સાલ સુધી મેં એકલી બુદ્ધિની સમજાવટ પર આધાર રાખ્યો હતો. હું બહુ ઉદ્યોગી સુધારક હતો. હું સત્યનો ઉપાસક રહ્યો એટલે મારી પાસે હકીકતોનું પાકું જ્ઞાન હતું, તેથી હું સરસ લખાણો કરી શકતો. પણ મેં જોયું કે દક્ષિણ આફ્રિકામાં અણીની ઘડી આવી, ત્યારે બુદ્ધિની અસર ન પડી શકી. મારા દેશભાઈઓ ઉશ્કેરાઈ ગયા હતા (જીવડું પણ ક્યારેક સામું થઈ જાય છે), અને વેર લેવાની વાત ચાલતી હતી. મારે [કાં તો] હિંસામાં ભળવાની અથવા તો આપત્તિને પહોંચી વળવાની બીજી કોઈ રીત વચ્ચે પસંદગી કરવાની હતી. અને મને સૂઝી આવ્યું કે માણસાઈને, હણનારા કાયદાને તાબે થવાની અમારે ના પાડવી જોઈએ – સરકાર ચાહે ભલે અમને જેલમાં મોકલે. આ રીતે શસ્ત્રયુદ્ધની અવેજરૂપે આ નૈતિક શસ્ત્ર પ્રગટ થયું.

તે દિવસથી મારી એ પ્રતીતિ વધતી ગઈ છે કે પ્રજાને પ્રાણસમાન એવી વસ્તુઓ કેવળ સમજાવટથી મળતી નથી, પણ કષ્ટસહનરૂપે કિંમત ચૂકવીને ખરીદવી પડે છે. વિરોધીનો હૃદયપલટો કરવાની અને બુદ્ધિના અવાજ સામે બંધ રહેતા તેના કાન ઉઘાડવાની, શસ્ત્રયુદ્ધના કરતાં અનેક ગણી શક્તિ કષ્ટસહનમાં રહેલી છે. મેં જેટલી અરજીઓ કરી છે અને નિરાશાની સામે પણ જેટલી આશા મેં રાખી છે, તેટલી કોઈએ નહીં રાખી હોય. પણ મેં મનમાં ગાંઠ વાળી છે કે આપણે કંઈક ખરેખરું કામ કરાવવું હોય તો બુદ્ધિને સંતોષીએ એટલું બસ નથી – હૃદયને પણ હલાવવું જોઈએ. હૃદય સુધી સોંસરું પહોંચવાને તો સહનશક્તિ જ જોઈએ. એ માણસનાં અંતરનાં દ્વાર ખુલ્લાં કરે છે. ક્રોધરહિત, દ્વેષરહિત કષ્ટસહનના સૂર્યની સામે કઠણમાં કઠણ હૈયું પીગળવું જ જોઈએ અને જડમાં જડ અજ્ઞાન દૂર થવું જોઈએ.

દુષ્ટતાનો દુષ્ટતાથી થતો પ્રતિકાર કેવળ દુષ્ટતામાં વધારો કરે છે. હિંસા સારું કરતી દેખાય છે ત્યારે તે સારું કેવળ તત્પૂરતું હોય છે, અને એ રીતે જે બૂરું કરે છે તે કાયમી હોય છે. ઇતિહાસ શીખવે છે કે જેઓ શુભ હેતુથી પણ લોભિયાઓની સત્તા પશુબળે કરીને પડાવી લે છે, તેઓ પોતે પણ એ જ લોભના ભોગ થયા છે. પરદેશી રાજકર્તા સામે આજે આપણે હિંસા આચરીએ, તો તે પછી એક ડગલું આગળ વધીને, દેશની પ્રગતિમાં આપણને જે નડતરરૂપ લાગે તેવા આપણા પોતાના લોકો સામે પણ હિંસા આચરવાને આપણે તરત જ પ્રેરાઈશું.

પચાસ કરતાં પણ વધુ વરસથી હું સતતપણે અહિંસાનું પાલન કરતો આવ્યો છું. જેમની નીતિનો મારે વિરોધ કરવો પડ્યો છે, તેમના પ્રેમ અને વિશ્વાસનું પાત્ર હું હમેશાં બન્યો છું, એ બીના મારા જીવનની એક કાયમના સુખની સરવાણી છે. દક્ષિણ આફ્રિકામાં મારું આયુષ્ય લડતમાં વીત્યું, પણ અંગત નાતે ત્યાંના નિવાસીઓએ મારા પર વિશ્વાસ અને મૈત્રી વરસાવેલાં. બ્રિટિશ તંત્રના મારા આવડા મોટા વિરોધ છતાં હજારો અંગ્રેજ સ્ત્રી-પુરુષો મારા પર પ્રેમ રાખી રહ્યાં છે. આ બધો અહિંસાનો વિજય છે.

ખરું જોતાં અહિંસાની કસોટી જ એ છે કે અહિંસક લડતમાં કોઈ પક્ષે કડવાશ કે ઝેરવેર પાછળ રહેતાં નથી અને શત્રુઓ મિત્ર બની જાય છે.

(પુસ્તકઃ આપણે સૌ એક પિતાનાં સંતાન )

'અરધી સદીની વાચનયાત્રા'માંથી સાભાર

॥ વિદ્યાવૃત્ત ॥

### ગો. જો. શારદા મંદિરમાં સ્વચ્છતા અઠવાડિયા તથા સ્વાતંત્ર્યદિનની ઉજવણી

ભારત સરકારના જળશક્તિ મંત્રાલય દ્વારા ગંદકી મુક્ત ભારતનું કેમ્પેઈન અંતર્ગત શાળામાં ઓનલાઈન પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળામાં ગંદકીમુક્ત મારું ગામ વિષય પર ઓનલાઈન નિબંધ સ્પર્ધા અને ચિત્રસ્પર્ધાનું તથા બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રણેય પ્રવૃત્તિઓમાં પચાસ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. ત્રણેય પ્રવૃત્તિઓમાં કન્વિનર તરીકે યુગ્માબેન શર્મા, કેતનાબેન પરમાર તથા મહેન્દ્રભાઈ શર્માએ પ્રોત્સાહન પૂરું પાડી કન્વિનર તરીકે કામગીરી બજાવી હતી. ઉપરાંત સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે ઓનલાઈન દેશભક્તિગીત સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૧૫ જેટલી વિદ્યાર્થિનીઓ એ ભાગ લીધો હતો. જેનું સંચાલન યામિનીબેન પટેલ અને યુગ્માબેન શર્માએ કર્યું હતું. સ્પર્ધાને અંતે ચારેય પ્રવૃત્તિની વિજેતા દીકરીઓને શાળાના આચાર્યા શ્રીમતી રીટાબેન પટેલ અને કન્વિનર શિક્ષકોએ અભિનંદન પાઠવી ઈનામ તથા સર્ટિફિકેટ આપી નવાજવામાં આવી હતી.

## અખબારોમાં તંત્રીલેખો

ડંકેશ ઓઝા

એક જમાનો અખબારોનો હતો. વચ્ચે દૂરદર્શન આવ્યું ત્યારે અખબારો ભૂતકાળ બની જશે આવી ભવિષ્યવાણીઓ થઈ હતી. મજાની વાત છે કે હજુ અખબારો નીકળે છે, લોકો વાંચે છે. નવાં શરૂ થાય છે. એ અર્થમાં અખબારોનો યુગ સમાપ્ત થયાનું કહી શકાય તેમ નથી.

આપણે હવે ૨૪x૭ ના દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોના યુગમાં જીવીએ છીએ. કેટલીક તો માત્ર ન્યૂઝ ચેનલો જ છે. જે ચોવીસે કલાક સમાચારો પીરસે જાય છે. દુનિયાભરના લોકો જે સમાચાર ચેનલો જોતા હોય તે આપણે પણ હવે ઘેર બેઠાં જોઈ શકીએ છીએ. આમ છતાં સવારે ઊઠીને અખબારની પ્રતીક્ષા પણ કરીએ છીએ. એનો અર્થ એ થયો કે અખબારનો કોઈ વિકલ્પ નથી. અખબાર કે પુસ્તક હાથમાં રાખીને વાંચવાની માણસને જે ટેવ પડી છે તે જીવનશૈલીનો એક ભાગ બની ગઈ છે.

મારી પાસે મુંબઈના ઉમંગ પબ્લિકેશન્સનું એક પુસ્તક આવ્યું છે જેનું નામ છેઃ 'કુંદન વ્યાસના તંત્રીલેખ'(૨૦૧૯). હરીન્દ્ર દવે પછી કુન્દન વ્યાસ 'જન્મભૂમિ' જૂથના સામયિકોના તંત્રી બન્યા. 'ફૂલછાબ' અને 'કચ્છમિત્ર' દ્વારા છેક સૌરાષ્ટ્ર અને કચ્છ સુધીના વાચકો સુધી પહોંચ્યા. એમના પસંદગીના તંત્રીલેખો આ પુસ્તકમાં સંપાદિત સ્વરૂપે રજૂ કરવામાં આવ્યા છે. અંતે પ્રકાશક ચંદ્ર ખત્રીએ કુન્દન વ્યાસ સાથે કરેલી લાંબી મુલાકાત પણ મુકવામાં આવી છે.

અગાઉ પણ ઈમેજ પ્રકાશને ૨૦૧૧ની આસપાસ પાંચ દૈનિકોના તંત્રીલેખોના પાંચ પુસ્તકો પ્રકાશિત કર્યા હતાં. 'ગુજરાતમિત્ર' (સ્થાપના-૧૮૬૩)ના ભગવતીકુમાર શર્માના, 'ગુજરાત સમાચાર'(સ્થાપના-૧૯૩૨)ના શાંતિલાલ શાહના,'જન્મભૂમિ' (સ્થાપના ૧૯૩૪)ના કુન્દન વ્યાસના, 'સમકાલીન'(સ્થાપના ૧૯૮૪)ના હસમુખ ગાંધીના, અને 'દિવ્ય ભાસ્કર'(સ્થાપના ૨૦૦૩)ના અજય ઊમટના હતા.

તંત્રીલેખ મોટે ભાગે તંત્રીઓ લખે છે એવી ગુજરાતી વાચકોમાં માન્યતા છે જેમાં આંશિક સત્ય છે. આપણે જાણીએ છીએ તેમ ગુજરાતી દૈનિકોમાં માલિકો જ તંત્રી મનાતા હતા. આ માલિકો તંત્રીલેખ લખવાની ક્ષમતા ન ધરાવતા હોય તે પણ સાવ સ્વાભાવિક હતું. 'ગુજરાત સમાચાર' અને 'સંદેશ' જે ગુજરાતી ભાષાનાં મુખ્ય બે દૈનિકો દાયકાઓ સુધી રહ્યાં અને આજે પણ છે. તેના માલિક તંત્રીઓ પોતે તંત્રીલેખ લખતા હોય એવું માનવાને કોઈ કારણ નથી. છેલ્લું બહારથી આવેલું 'દિવ્ય ભાસ્કર' એ પણ મોટા અખબારી જૂથનું દૈનિક છે. તેમાં કેટલોક સમય અજય ઊમટે તંત્રીલેખ લખ્યા હોય એ શક્ય છે.

તંત્રીલેખ સરકાર અને સમાજ બન્ને માટે ત્યારે મહત્ત્વનો હતો જ્યારે સમાચારોમાં સેળભેળ થતી ન હતી. પત્રકારત્વનું એક જુગ જૂનું મૂલ્યસૂત્ર એ છે કે 'સમાચાર પવિત્ર છે, ટીકાને મુક્ત અવકાશ છે.' અખબારો આ મૂલ્ય પ્રમાણે ચાલતાં હતાં ત્યારે કોઈ મહત્ત્વના પ્રશ્ને, કોઈ બાબતે, આ અખબાર શું માને છે તે જાણવા માટે તંત્રીલેખો તપાસવા પડતા. ત્યારે સરકાર પણ તંત્રીલેખો પર નજર રાખતી. સરકારના માહિતી ખાતામાં પ્રકાશનો પર નજર રાખતી વિશેષ શાખા પણ હતી જેને એકઝામિનર ઓફ બુક્સ એન્ડ પબ્લિકેશન્સ કહેવાતી. વખત જતાં મૂલ્યોનું ધોવાણ એ હદે થયું કે સમાચારો સાથે વૈચારિક વલણ મુજબ ચેડાં થવા લાગ્યાં. એટલે કે સમાચારની પવિત્રતા જાળવવાને બદલે તેને જ પોતાના મનોવલણ મુજબનો વળાંક અપાવા લાગ્યો. પછી કોઈ સમીક્ષક સંશોધનના માર્ગે જાય તો એને ખબર પડતી કે તંત્રીલેખમાં જે ઉપદેશ અપાતો તેનાથી સમાચારો વિપરીત દિશામાં રજૂ થતા હતા. આ કોઈ ખાનગી વાત નથી. પત્રકારત્વને જાણનારા માટે આ સર્વસામાન્ય એવી જગજાહેર બાબત છે. માહિતી ખાતાએ પણ કાળક્રમે EBP શાખા બંધ કરી દીધી. હવે તેનું રૂપાંતર રીસર્ચ એન્ડ રેફરન્સ વિંગમાં થયું છે. P.R.B. એક્ટ અમલમાં આવ્યો એટલે કોઈ સમાચાર બદલ અદાલતમાં કે પ્રેસ કાઉન્સિલમાં કોઈ કેસ થાય તો તે વખતે કોઈ માલિકને હાજર ન થવું પડે એટલે P.R.B એક્ટ હેઠળ જવાબદાર તંત્રીનું નામ છપાવું શરૂ થયું!

આવી બધી બાબતમાં પત્રકારત્વના વિદ્યાર્થીઓ સિવાય બીજાને રસ ન હોય તે સ્વાભાવિક છે. ઊચ્ચ અધિકારીઓની પસંદગી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉમેદવારોને જ્યારે અખબારોના તંત્રીલેખો વાંચવાનું કહેવાય છે ત્યારે ખબર પડે છે કે એમને તંત્રીલેખ ક્યાં આવે એની પણ સ્પષ્ટ સમજ હોતી નથી!

આ બધી ચિંતા છોડી કુંદન વ્યાસના તંત્રીલેખોનું પુસ્તક જરૂરથી વાંચવા જેવું છે જેને રેખાંકનોથી અથવા ક્યારેક

કાર્ટૂનોથી શણગારવામાં પણ આવ્યું છે. આ તંત્રીલેખો જાગ્રત વાચકની સમજણને વિસ્તારવામાં ઉપયોગી નીવડી શકે તેમ છે. એક ટીકા કરવાનું મન થાય છે તે એ કે તંત્રીલેખો કોલમના લેખ જેટલા લાંબા ન હોવા જોઈએ. એ લેખથી જુદા પડતા હોવા જોઈએ, લંબાઈની રીતે પણ અને વૈચારિક ઘનતાની રીતે પણ. એ અર્થમાં ગુજરાતી અખબારોના તંત્રીલેખો અંગ્રેજી દૈનિકોના તંત્રીલેખોની તોલે કદી નહિ આવી શકે એવું લાગે છે. અંગ્રેજી દૈનિકોમાં જેમનું નામ તંત્રી તરીકે છપાય છે એ જ તંત્રીલેખ લખે એવું નથી એમાં એક આખી એડિટોરિયલ ટીમ હોય છે જેમાં વિષયો વહેંચાયેલા હોય છે. જે વિષય હોય તે પ્રમાણે ટીમ મેમ્બરે લખવાનું પ્રાપ્ત થતું હોય છે.

ગુજરાતી દેનિકોમાં પણ હવે તંત્રીલેખ લખવાની કામગીરી એકાદ વ્યક્તિને સોંપાતી થઈ છે. આપણા પ્રમુખ દૈનિક 'ગુજરાત સમાચાર'માં વચ્ચે બહુ સારા તંત્રીલેખો દેખાવા લાગ્યા ત્યારે તપાસ કરતાં ખબર પડેલી કે અત્યારે તંત્રીલેખો ઊર્વીશ કોઠારી લખે છે. 'સંદેશ'માં એક કાળે બળવંતરાય શાહ તંત્રીલેખો લખવાની કામગીરી સંભાળતા.

પત્રકારત્વમાં તંત્રીલેખ વિશે ઘણા અભ્યાસો થયા છે. ડૉ. ઈશ્વરલાલ ર. દવેએ તંત્રીલેખ વિશે લખેલા પુસ્તકમાં વિવિધ અખબારોના કેટલાક તંત્રીલેખો લઈને વિશદ છણાવટ અને સમીક્ષા હાથ ધરી હતી. પરીક્ષિત જોષીએ પત્રકારત્વના અભ્યાસ નિમિત્તે ગુજરાતી છાપાંના તંત્રીલેખોની ભાષાનું વિસ્તૃત અધ્યયન કર્યું છે. તેમણે પોતાના સંશોધનમાં ગુજરાતના સાત અખબારોના એક માસના તંત્રીલેખો લઈને તેનો અભ્યાસ હાથ ધર્યો હતો. તેની ખાસિયતો અને વિવરણ રજૂ કર્યાં હતાં. બળવંતરાય શાહે ગુજરાતી તંત્રીલેખોની મર્યાદા બાબતે એવો બચાવ રજૂ કર્યો હતો કે અંગ્રેજી અખબારોને સુલભ એવા સંદર્ભ ગ્રંથાલયની વ્યવસ્થા અખબારમાં સુલભ હોતી નથી, એક જ વ્યક્તિને બધા વિષયો પર તંત્રીલેખો લખવા પડે છે.

'ગાંધીમૂલ્ય' વિશેના તા ૩૦મી જાન્યુઆરી ૨૦૦૦ના તંત્રી લેખનો છેલ્લો ફકરો આપણે એક નમૂનારૂપે જોઈએ: ''અમેરિકાના ન્યૂજર્સીમાં એક ન્યાયાધીશે રંગભેદી જૂથના ત્રણ નેતાઓને સજા કરી છે. અશ્વેત તથા એશિયન રહેવાસીઓને વર્ષોથી પરેશાન કરતા આ નેતાઓને સજા થઈ છે તે જાણવા જેવી છેઃ એટનબરોની ફિલ્મ'ગાંધી' જોવાની સજા થઈ છે. આવી સજા પામીને આ રંગભેદી અપરાધીઓ સુધરશે કે નહિ એ આપણે જાણતા નથી. પણ ભારતના તમામ શાસકો અને રાજકીય નેતાઓને આવી સજા કોણ કરે? ગાંધીજીના આદર્શોની યાદ કોણ અપાવે? રાજીવ ગાંધીએ એક વાર કબૂલ કર્યું હતું કે તેમણે ગાંધીજીની આત્મકથા વાંચી નથી! આજે કેટલાએ વાંચી હશે! આપણા નેતાઓ ગાંધીજીને યાદ કરે છે ખરા? ૨જી ઓક્ટોબર અને ૩૦ મી જાન્યુઆરીએ રાજઘાટની મુલાકાત લેવી, સમાધિની પ્રદક્ષિણા કરવી અને ખાતરી કરવી કે અહીં પોઢેલા રાષ્ટ્રપિતા ફરીથી ઊભા થઈને જનશક્તિ જગાવશે તો નહિ ને?''

ગુજરાતી ભાષામાં તંત્રીલેખનાં સંપાદનો હવે ઉપલબ્ધ છે ત્યારે એ વિશેના ગુણવત્તાભર્યા સંશોધનને માટે અવકાશ ઊભો થાય છે. તંત્રીઓ અખબારી ધર્મ બજાવે છે ખરાં એવા સવાલોના જવાબો મેળવવાની તક પણ ઊભી થાય છે.

(કુન્દન વ્યાસના તંત્રીલેખ પ્રકાશકઃ ઊમંગ પબ્લિકેશન મણીભુવન, ગીરગાંવ, મુંબઈ-૪ પ્ર.આ. ૨૦૧૯, પાનાં ૧૬૨, કિ.રૂ. ૨૪૦)

૬, સ્વાગત સિટિ, મુ.પો. અડાલજ - ૩૮૨૪૨૧
મો. ૯૭૨૫૦૨૮૨૭૪

**।। વિદ્યાવૃત્ત ।।**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલ વ્યવસાયલક્ષી પ્રવાહ ગૃહવિજ્ઞાન વલ્લભ વિદ્યાનગર દ્વારા તારીખ ૩૦/૮/૨૦ના રોજ ધોરણ ૧૧ ની વિદ્યાર્થિનીઓ માટે online એન.એસ.એસ orientation programme નું આયોજન કરવામાં આ શાળાના આચાર્યા શ્રીમતી સુચિતાબેન ખરાદીએ એન.એસ.એસ વિંગના પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી ડોલી મોહે તથા મદદનીશ પ્રોગ્રામ ઓફિસર શ્રી નયનભાઈ સુથારનો પરિચય આપી વિદ્યાર્થિનીઓને એન.એસ.એસથી થતો સર્વાંગી વિકાસ અને એન.એસ.એસ તેનું મહત્ત્વ સમજાવી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. એનએસએસ પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી ડોલી મોહે દ્વારા એન.એસ.એસનો ઉદ્દેશ, તેનો લોગો તેમજ વર્ષ દરમિયાન થતી પ્રવૃત્તિઓની માહિતી આપી વિદ્યાર્થીઓને એન.એસ. એસમાં વધુ ને વધુ સક્રિય થવા પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના અંતમાં શ્રી નયનભાઈ સુથાર દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું.

॥ લઘુકથા-૧ ॥

## જાંબુડો

શ્યામ ઠાકોર

કાપી નાંખેલા જાંબુડા પાસે જ પ્રાયશ્ચિત્તરૂપે બીજો જાંબુનો છોડ વાવી એ બાપાના ઊંડા વિચારમાં ખોવાઈ ગયો.

બાપાએ ખૂબ જતન કરી જાંબુડો ઉછેરેલો. સગા દીકરાથી પણ જાંબુડો એમને વધુ વહાલો... જાંબુડા પર જ્યારે કાળાંભમ્મર જાંબુ આવે ત્યારે તેઓ બા પાસે અચૂક લાપસીનાં આંધણ મૂકાવતાં કાયમ જાંબુડા નીચે જ ખાટલો ઢાળી બેસી રહેતા. ક્યારેક જાંબુડા સાથે એમનો સંવાદ પણ ચાલતો. જાંબુડો એમને મન સર્વસ્વ, પણ અમને જાંબુડો દીઠોય ગમે નહીં. જે કોઈ આંગણેથી નીકળે તે એક જ વાત કહેતાં:

'જાંબુડો અપશુકનિયાળ કહેવાય, આંગણાંમાં તેને ના રખાય....' એટલે એ જાંબુડાને કાપી નાંખવાનો મક્કમ નિર્ધાર કરી યોગ્ય સમયની રાહ જોતો હતો.

એ સમય આવ્યો. બાપા બહારગામ ગયા ને આ બાજુ એણે જાંબુડો થડમાંથી ડચકાવી નાંખ્યો.

બાપાએ પાછા આવી જોયું તો એમના શ્વાસ અધ્ધર થઈ ગયા. એ કશું બોલ્યાં નહીં. જાંબુડાનાં કાપેલાં થડ પાસે જ બેસી પડ્યા. પછી તો ખાધાં પીધાં વગર આખી રાત ત્યાં જ... સવારે ઊઠી જોયું તો બાપા પણ...

નવા વાવેલા જાંબુના છોડને એ ધારી ધારીને જોઈ રહ્યો હતો ત્યાં સામે ઊભેલા પુત્ર રાજને જોતા એને થયું:

'મારી જેમ જ મારો રાજ પણ મોટો થઈને આ જાંબુડો ડચકાવી નાંખશે તો....???'

એ વિચારમાત્રથી ધ્રુજી ઊઠ્યો.

૪૬, વલ્લભનગર સોસાયટી, ભૂરાવાવ, ગોધરા

॥ લઘુકથા-૨ ॥

## પાઉંભાજી

ગિરિમા ઘારેખાન

જમી લીધા પછી રત્નાએ ચાર ભાખરી અને શાક એક થાળીમાં પીરસ્યાં અને થાળી ઢાંકીને રસોડામાં પ્લેટફોર્મ ઉપર મૂકી દીધી. બધાં વાસણ ભેગા કરીને એ પાછળ ચોકડીમાં મૂકી આવી. પછી રૂમમાં આવીને ટી.વી. જોવા માટે મેહુલ અને ચિંકી સાથે સોફા પર ગોઠવાઈ ગઈ.

દસેક મિનિટ પછી બેલ વાગી. ભાવના હતી. આવતા વેંત એ ચોકડીમાં વાસણ માંજવા બેસી ગઈ. વાસણનો અવાજ સાંભળીને રત્ના એની પાસે ગઈ. રસોડામાં એને માટે પીરસેલી થાળી એમની એમ જ પડી હતી એ જોઇને એણે પૂછ્યું, 'ભાવના, કેમ આજે સીધી વાસણ કરવા બેસી ગઈ? પહેલા ખાઈ લેવું 'તું ને!

'ના બેન, આજ તો મને જરાયે ભૂખ નથી. નહીં ખવાય.' ભાવના વાસણ ઉપર ફટાફટ સાબુનો પાવડર લગાવતી હતી.

'કેમ? તને ખબર તો છે કે તારે માટે અહીં રાખ્યું જ હોય છે. તો પછી કેમ ઘેરથી જમીને આવી?'

અરે બેન, ઘેર નથી જમી. આજે તો મારી બે'નપણીના બાબાનો બર્થડે હતો. એણે અમને બધાને બોલાયા'તા. પાઉંભાજી અને કેક ખાઈને આઈ. એટલા મસ્ત હતાં ને! પેટ બહુ ભરાઈ ગ્યું છે. બર્થડેમાં જઈએ પછી તો ખાઉં જ પડે ને?'

ભાવના વાસણ વીંછળવા માંડી હતી.

રત્ના ચૂપચાપ એના કામ કરતા હાથને જોઈ રહી.

ભાવનાના ગયા પછી રત્ના મેહુલ પાસે આવી ત્યારે ચિંકી સૂઈ ગઈ હતી. રત્નાએ કહ્યું, 'મેહુલ, આપણે આ વખતે ચિંકીના બર્થડેમાં પાઉંભાજી ઓર્ડર કરવાના હતા ને? એને બદલે બીજું કંઇક વિચારીએ.'

'પણ તું કહેતી હતી ને કે એના ફ્રેન્ડઝને પાઉંભાજી વધારે ભાવશે, બધાનું પેટ પણ ભરાશે!'

'હા પણ હવે મારો વિચાર બદલાયો છે. પાઉંભાજી નથી રાખવા. બીજું કંઈ પણ રાખીશું, પીઝા ઓર્ડર કરીશું તો એ પણ છોકરાંને ભાવશે જ. થોડું મોંઘું પડશે પણ વાંધો નહીં. પાઉંભાજી તો નહીં જ.'

મહુલને સમજાયું નહીં કે અચાનક રત્નાને શું થયું. એ આશ્ચર્યથી એની સામે જોઈ રહ્યો.

ફોન-૯૯૮૦૨૦૫૯૦૯

।। સમીક્ષા ।।

## 'વિશ્વબંધુ'ની ગુણવત્તાસભર કવિતાની સરવાણી

**રમેશ પટેલ**

(પ્રા દિનકર દેસાઈ-'વિશ્વબંધુ' મુલતઃ હાલ્ય લેખક તરીકે ગુજરાતમાં જાણીતા બનેલા છે.)

'બધાને જવું પડે છે' સમય પર લખેલ ગઝલનો શેર છેઃ-

'સમય થાય એટલે બધાને જવું પડે,
રાય હો કે રંક હો, કાળ બધાને નડે!'

'ઓછું નથી', 'વરખડો ને વેલી' 'પુરાવો', 'યાદ આવે છે', 'કહેવાનું જે હતું...' જેવાં કાવ્યો પ્રેમકાવ્યો તરીકે જાણીતા બનેલા છે. ઇ.સ. ૧૯૬૦ના દાયકામાં પ્રકૃતિ અને પ્રણયકાવ્યો પણ લખેલા. તદઉપરાંત 'વિશ્વામિત્ર-મેનકા', 'અર્ધનારી-નરેશ્વર', 'પ્રણયભંગ-સ્વપ્ન', 'ભિષ્મ પ્રતિજ્ઞા', 'કર્ણ-પરશુરામ'.... વગેરે જેવા ખંડકાવ્યોની પણ રચના કરેલ છે. 'ગુલબંકી'-છંદમાં પણ કાવ્યો કરેલ છે. 'નિવૃત્ત થયો છું' ગઝલ વિવેચકોને ગમી છે! ગીતો અને ખંડકાવ્યોમાં કાવ્યતત્ત્વ ભારોભાર જણાય આવે છે. આમ પ્રકૃતિ, પ્રણય, આધ્યાત્મ, પ્રેમ-વાત્સલ્ય, હાસ્ય-વ્યંગ-કટાક્ષ એમની કવિતામાં દૃષ્ટિગોચર થતા રહે છે! એમની કવિતા રંગદર્શી, બહુરંગી, યુવાન કવિઓને ગમી જાય તેવી જણાય છે! પૌરાણિક સાહિત્યને 'કાવ્યમય' બનાવવાની કળા આ કવિ પાસે સહજ જણાય છે. એમના કાવ્યોમાં આધ્યાત્મ દર્શન, સમાજદર્શન, 'સ્ત્રી-સમભાવ'.... વગેરે જણાયું છે. સરદાર પટેલ વિશે લખેલ કાવ્યો પણ નોંધનીય છે. કવિનાં કાવ્યો પરથી પ્રતિકાવ્યો પણ અન્ય કવિઓએ રચેલ છે. કવિના કટાક્ષો-વ્યંગ કાવ્યો પણ હસાવે એવા થયા છે. કવિ શ્રી 'વિશ્વબંધુ' ડૉ. રણજીત પટેલ, શ્રી(સ્વ.) ભોળાભાઈ પટેલ, ડૉ. ધીરુ પરીખ, ગઝલકાર શ્રી(સ્વ.) શેખાદમ આબુવાલા ના મિત્ર છે.

ભલે કવિ પરંપરિત કાવ્ય પ્રકારોમાં પ્રવીણ હોય પણ એમનો વિવેચક જીવ આધુનિક કાવ્યલેખનમાં મગ્ન જણાયો છે!

એમની 'કવિતા'ને અનેક કાવ્ય-સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય.-પારિતોષિકો પ્રાપ્ત થાય છે. કાવ્યના સંપાદનોમાં ય એમની 'કવિતા' સ્થાન પામી છે.

કવિની કાવ્ય પંક્તિઓ નોંધીએઃ-

''ઝીણી ઝરમર ધારે વરસ્યો રે વરસાદ
ઝીણી ઝરમર ધારે.
અમી છાટણાં છાંટી રહ્યો; જગનો પાલનહાર,
બીજ પડેલાં ધરતી ફૂળે, ઘરે નવો અવતાર!''
(પાના નં. ૩૨)

''ખુલ્લી હથેળીમાં આકાશ આખું જોયુંઃ
ને ઝાંઝવાના જળ સમી ભાગ્યરેખામાં શું જોયું?''
(પાના નં.૩૮)

''શૂન્યમાંથી શૂન્ય જાય તો,
શૂન્ય રહે છે નક્કી,
અણુઅણુમાં વ્યાપી રહેલી,
કોઈ દિવ્યશક્તિ છે નક્કી!''
(પાના નં. ૧૦૫)

''સુરમ્ય રાસ ખેલતી,
ઉરે ઘડી વસી જતી!''
(પાના નં. ૧૧૧)

'મુગ્ધા' કવિતા ડોલનશૈલીનો આદર્શ નમૂનો છે. સંસ્કૃત છંદો પર કવિની પકડ સારી જણાય આવે છે!

'હાસ્ય- સાહિત્યની તુલનામાં કવિ શ્રી દિનકર દેસાઈ-'વિશ્વબંધુ'નું કાવ્યસર્જન ઈયત્તામાં ભલે અલ્પ હોવા છતાં ગુણવત્તામાં નોંધપાત્ર છે- એમ કવિશ્રી બહેચરભાઈ પટેલ પ્રસ્તાવનામાં જણાવે છે.'

કવિનો આ પ્રથમ કાવ્યસંગ્રહઃ 'છેડયું છે મેં ગાણું' (ગીત-ગઝલ ખંડકાવ્યો) છે. ભલે કવિ કાવ્યો ઓછા લખે છે પણ હું કહીશ કે 'કવિની કાવ્ય સરવાણી સતત વહેતી રહો.' અસ્તુ!

'છેટયું છે મેં ગાણું' (કાવ્યસંગ્રહ) કવિશ્રીઃ દિનકર દેસાઈ-'વશ્વિબંધુ' પ્રથમ આવૃત્તિ-૨૦૧૯, પાનાની સંખ્યાઃ૨૨૪, ડેમી સાઈઝ, પ્રકાશક પોતે, અમદાવાદ-૧૫; મો. ૯૪૨૬૯૫૦૧૯૮

'પ્રાંજલ', ૩૦, આનંદ વાટિકા સો., સરદાર પુલ પાસે,
અડાજણ રોડ. સુરત-૩૯૫૦૦૯. મો.:૯૮૨૫૧૦૦૨૫૫

॥ નિબંધ ॥

# જગ પાવનિ ગંગોત્રી

હરીશ મહુવાકર

વાતાવરણ સાફ અને ખુશનુમા હતું ગંગોત્રી જવા વહેલી સવારે નીકળ્યા ત્યારે. સ્વયં રમ્યા નગરી છે ઉત્તરકાશી. રમ્યતમ ધરતી તરફ પ્રયાણ કરવાનું હતું. જગ પાવનિ માતા ગંગોત્રીને કપાળે ચુંબન કરવાનું હતું.

સુંદર હોય તે ચીજ સર્વાંગ સુંદર હોય છે. ઉપર તરફ બસ સરકતી જાય છે. મખમલી તડકો ઊઘડ્યો છે. સકલ સૃષ્ટિને સાધના લાગી ગઈ હોવાથી શાંત ઊભી છે. સૌને તપાસતી હોય એમ એ ઘડી ઘડીમાં પહાડોની આસપાસ વળાંક લે છે. 'ઓલ ઓકે' લાગતા પોતાના શરીરને જરાક અમથું લંબાવી લે છે.

મનેરી ડેમમાંથી પાણીનો મોટો દદુડો બહાર આવી રહ્યો છે. ગર્જનાભર્યો અવાજ છે. બળભેર નીચે આવે છે, ધારા આગળ નીકળી પડે છે. ભર્યો ડેમ અવશ્ય સુંદર લાગે કોઈ પણ ભૂભાગે. પહાડો અને વૃક્ષો એમાં ભળે કે કેવો નજારો મળે ? મનેરીના બંને ડેમ ખાલી જેવા હતા, છતાંય રૂપ કમ નહિ.

પાઈલટબાબા આશ્રમ આવ્યો. નદીતટ પર મજાની રચના છે એની. લગભગ ત્રીસેક ફૂટ ઊંચી ઊભી શિવજીની મૂર્તિ છે અહીં. મંદિરો, યોગ કરવાની જગ્યા, નિવાસના ઓરડા અને વિશેષતઃ એક લાઈબ્રેરી પણ છે. નીરવ જગ્યા છે. આવી જગ્યાઓએ જ સાધના થઈ શકે ને ! અમસ્તુંય કોઈ ન આવે. પેસેજની દીવાલોએ બાબાનો ચરણસ્પર્શ કરતા અગ્રીમ રાજકારણીઓની તસવીરો ચિપકાવેલી છે. કોને કોની જરૂર છે ? રાજકારણીઓને ? એમની છાપ પ્રજામાં જુદી રહે એટલે? ભલે એમ હો? પણ સંન્યાસી બાબાને રાજકારણીઓ સાથેની એમની તસવીરો પ્રજાને દેખાડીને શું સિદ્ધ કરવાનું? તદ્દન વિપર્યાય છે આ બંને. પરંતુ બંનેને પોતાના હેતુ છે ને એ બર આવે છે.

આશ્રમની બંને બાજુ ભાગીરથીનું સીધું વહેણ છે. ઘણું લાંબુ છે. સૌરાષ્ટ્રના ગામડાની નાની નદી જેટલો પહોળો પટ છે. માંડ ઘૂંટણિયા ડૂબે એટલું ઊંડું પણ વેગપૂર્વક વહી જાય છે પાણી. કાંઠો ખૂબ પથરાળ છે. ખડકો, શિલાઓ નથી. ચારે તરફની પહાડી બહુ ઊંચી નથી.

બસના દરવાજે હું ઊભો હતો બેટર વ્યૂ માટે. મજા લૂંટતા હતા હું અને અમારી સાથેના બીજા મિત્રો. ત્રણ ચાર કિલોમીટરે અચાનક મારું ધ્યાન ગયું. પ્રવીણ સરવૈયા ક્યાં ? પહાડીમાં બસ વાળવી અઘરી. સવારના પહોરમાં સામેથી કે પાછળથી આવતા વાહનોય નહિ. શું કરવું ? ફોન લાગે નહિ. મને સૂઝ્યું. બાબાના આશ્રમ પાસે ઈન્ડો તિબેટ બોર્ડર પોલીસના કેટલાક જવાનો મેં જોયેલા. કાશ પ્રવીણભાઈ એમને કહે. વળી મનમાં થયું : આ સારું નહિ. જવાનોને એમનું કામ પડતું મૂકી આપણને મુકવા આવવાનું કહેવું ? કેટલું બેજવાબદાર ગણાય !

અમે રાહ જોતા ઊભા, ને લ્યો જુઓ. પ્રવીણભાઈ ખુદ બાઈક ચલાવીને આવતા દેખાયા ને પછવાડે પોલીસ જવાન! મનમાં હતું એમ જ બન્યું.જાણે મને મૂકવા આવ્યા હોય એમ મેં સૈનિકને સેલ્યૂટ કરી હેન્ડશેઈક કર્યું. પ્રવીણભાઈ, સૈનિક અને મારા સસ્મિત ચહેરાનો થયો ત્રિવેણીસંગમ ! પ્રવીણભાઈ કહે, લાઈબ્રેરીમાં પુસ્તક ખરીદવા ઘૂસી ગયેલો. સાવ આમ મૂકીને નીકળી જવાનું? ફરિયાદ કરી એમણે.

ભટવાડીમાં ભાસ્કરેશ્વર મંદિરના દર્શન કરી આવ્યા. ભૂખ લાગી હતી. ચાના રસિયાનો અમારો મેળો હતો. તલપ ક્યારનીય હતી. ઠંડકે તલપને દિવાસળી ચાંપી. દિલાસો આપ્યો દિલને, 'ગંગનાણી હવે ક્યાં આઘું છે?' અડધી કલાકે પહોંચ્યા. ચા ઝંખના ત્વરિત શમે તેમ નહોતી. નાસ્તાનો ઓર્ડર આપી ગરમ પાણીના કુંડમાં ઊતર્યા.

ઠંડા માહોલમાં ગરમ કુંડ! બાળકો બની ગયા અમે. ધૂબાકા મારવા લાગ્યા. તરવા માંડ્યા. ફ્લોટ કરવા લાગ્યા. ભૂખ અને ચાની ચાહના ક્યાંય દૂર ધકેલાઈ ગઈ. મસ્તીનો મૂડ જામ્યો. નિર્મળ આનંદ ભર્યો કુંડ. કોણ બહાર નીકળે! કમને બહાર આવ્યા. એક એક પરાઠા, એક એક ચાનો ઓર્ડર આપેલો. ધબધબાટી બોલાવી. મારા જેવાએ અઢી પરાઠા ને અઢી કપ ચા ઠપકારી દીધા. ચાલવાનું હતું નહિ. વળાંકોની આંટીઘૂંટી, આવતા રોદાને લીધે શરીરની ઊછળકૂદ પેટને ખબર પહોંચાડે પણ બંદાને જાણ હતી કંઈ થવાનું નહોતું.

ભાગીરથી ઘણી જગ્યાએ પહોળું વહેણ ધરાવે છે તે પૈકીનું એક સ્થળ હતું અમારી સામે. ઝાલા ગામેથી ઉપર તરફ જતા નદી જરા અમથા હાથ ખોલે છે. એકદમ સફેદ વેકરો. ઝાડના નાના નાના મૂળ ફેલાયેલા હોય તેમ નાના નાના વહેણ અને તેની મધ્યે મોટું વહેણ. ભૂરા રંગનું

રૂપાળું ઝાળું ઝાલા ગામે. તેની બાજુએ મસ્ત મજાના ઢોળાવ પર, ખેતરોની વચ્ચે ગામ. દેવદાર અને પાઈન નદીના વોચ ટાવર. ઉપર તરફથી સરકીને ગામનો વળાંક લઈને રસ્તો નદી કાંઠે આવીને ઊભો રહે છે ત્યારે ગામનું પૂનઃદર્શન થાય.

બસ ઊભી રહી. શું કામ ખબર નહિ. અમે ઊતરી પડ્યા. આગળ લંબાતો જતો રસ્તો, બાજુમાં શિખરોની ઊંચાઈ, રસ્તાની બાજુમાં ખેતરો ને ખેતરોની પછવાડે પરિચિત વહેણ. નીચેના ખેતરોમાંથી એક ખેડૂત ઉપર આવ્યો પોટલું લઈ. ખોલીને પાથર્યું કે તાજા માજા ફૂલ, ગુલાબી સફરજન. લઈ લીધું એક. મોંમાં મૂક્યું. અહો! શી મીઠાશ! જિંદગીમાં પહેલીવાર આખેઆખું સફરજન ખાધું. પછી આખી બસ માટે સફરજન લઈ લીધાં.

હું ખેતરોમાં ઊતર્યો. ઘરના ફળિયામાં અર્ધસૂકા વેલાના પથારા પાસે એક સ્ત્રી બેઠી બેઠી શીંગો ફોલી રહી હતી. વેલા જોઈને લાગ્યું કે ફણસી છે. સ્ત્રીને પૂછ્યું. એણે કહ્યું, રાજમા છે. સફેદ રાજમાના વેલા છે. દાણા કાઢી રાખેલી થાળી એણે મારી સામે રાખી. મૂઠી ભરી ને હાથમાં રાખી ઘડીવાર જોયા. નીલમ મોતીનો મુઠ્ઠો ભર્યો જાણે મેં !

ભવ્ય, રમ્ય પર્વત શૃંખલાનું પ્રમાણ વધ્યું. બસ નદી કાંઠે સતત આગળ જતી હતી. કોઈ વખતે સીધી ઊંડી કરાડ આવી લાગતી. નીચેથી ઉપર તરફ આવેલા દેવદારનું માથું કળાતું માત્ર. વહેણની સામે એવી જ કરાડ. અચાનક દેખાયા બે નાનકડા, ઋજુ લાગતા ધોધ. ઓ ઓ ઓ, આ તો મંદાકિની ધોધ! ભઈ આ નામને પ્રાચીન કથાઓ સાથે કંઈ લેવા દેવા નથી. 'રામ તેરી ગંગા મૈલી' ફિલ્મના શૂટીંગ અને અભિનેત્રીને દૃશ્યાંકિત કરવાને લીધે આ અર્વાચીન નામ મળ્યું છે એને. આ હર્ષિલ ગામની આસપાસનો વિસ્તાર હતો!

હર્ષિલ અને તેની આસપાસનો આખોય વિસ્તાર આંખોને બિડાવા ન દે તેટલો રૂપાળો. એક દૃશ્ય જુઓ, તેની મજા લો કે બીજું હાજર. દરેકની વિશેષતા અલગ. કોઈ પહાડી સાવ કોરી ને સફેદ. કોઈ પહાડી આછા ઝાડી-ઝાંખરાવાળી. કોઈ વૃક્ષો લઈને ઊભી છે. કોઈ નદીની ઉપર હમણા ધસી પડશે એમ ઊભી છે. પોતે ગબડી ન પડે એમ કોઈ પહાડી ધીમે ધીમે વહેણ કાંઠે ઊતરે છે. કોઈ છે એકાંકી ને કોઈ એના મિત્રવૃંદ સાથે આવી પહોંચે છે. વળી કોઈ દૂરથી વહેણને તાકે છે કાળું માથું ઊંચું કરીને. કોઈ પહાડી પોતાના બર્ફીલા રૂપેરી શિખરને હળવેથી ઊંચકીને સારાય સામ્રાજ્યને જોઈ રહે છે.

હર્ષિલે ઉતરતાવેંત ચાલતી પકડી ગામ બહાર. નાનકડા ઝરણાનો પૂલ વટાવી ખેતરો તરફ વળ્યા. સફરજનનાં વૃક્ષો આવવાં લાગ્યાં. પહેલા કુપોષિત વૃક્ષો આવ્યા સામે. પર્ણવિહીન, સુકા જેવા અને ટેણિયા. થોડે દૂર ગયા કે અસલી આવ્યા. લાલમ લાલ પાંદડાવાળું, પહોળા ડીલવાળું બે માથોડા ઊંચા વૃક્ષો સીધા ઊતરી ગયા આંખમાં, દિલમાં. એના પાંદડાઓને મેં પસવારી લીધા. ડાળીઓની સાથે હાથ મિલાવી લીધો. કશુંય ન કરીને ઝાડ નીચે ઊભો રહ્યો.

તારની વાડની પછવાડે ફળોવાળા ઝાડ લોભાવવા લાગ્યા. કોઈ મંદિર દેખાયું. બાબા એમના સરસોની ભાજી ઉગાડેલા ખેતરમાં કામમાં ખૂંપેલા હતા. ખેતરમાં અનેક સફરજનોના ઝાડ. ફળો ઉતારી લીધેલા. માત્ર એકને લૂમેઝૂમે ફળો. મેં બાબાને વિનંતી કરી, એકાદું સફરજન તોડી શકું ? બાબા કહે, તમારી જેવા પ્રવાસીઓ માટે જ એને બચાવી રાખ્યું છે. જાઓ, મજા લો. અહો આશ્ચર્યમ. અન્યના માટે વિચારવાનું માત્ર ખેડૂતો, સંતો ને વૈજ્ઞાનિકો કરી શકે !

ગાંડપણ મનુષ્યમાત્રમાં હોય. મોકો મળતાં બહાર આવે. જવાબદારીઓ અને કડવી વાસ્તવિકતા ! નિર્દોષ ગાંડપણને ઢબૂરી દે. સફરજન જોઈને ગાંડા થયા અમે બધા. પણ નદીકાંઠે ચેરીનું ઝાડ જોઈને ગાંડપણમાં ઊથલો આવ્યો. ફળોથી લચી પડેલું એકદમ પાકી ચેરી લઈને. એક પણ પાંદડા વિનાનું ઝાડ ઊભું હતું. દોથેદોથા ભરીને જે કાંઈ ખાધી, જે કાંઈ ખાધી! પછીથી, બાબાએ કહ્યું ત્યારે ખબર પડી એ તો જંગલી ચેરી છે ! પણ ખાય બધા. મૂળે એનું અથાણું બનાવે કાચી હોય ત્યારે.

નદીકાંઠાને ઘાટ જેવો બનાવ્યો હતો. કાળી, ધોળી, મોટી શિલાઓ હતી ડાબી બાજુએ. પહાડી કોતરાઈ ગઈ હતી વેગીલા વહેણને લીધે. ગાઢ વનરાજી હતી. એકદમ સીધું વેગવંતુ વહેણ પડકારા કરતું આગળ ધસતું હતું. પછવાડેનો રકાબી જેવો મોટો ખૂલ્લો ભાગ ખેતરો અને વૃક્ષો સભર હતો. એની પશ્ચાદમાં દૂર દૂર ઊંચે ઊંચે બર્ફીલું શિખર અને એની માથે ચળકતો તડકો. જમણી બાજુએ એક કિનારા પર ખેતરો. શાકભાજી ઉગાડેલા ખેતરો, કાંઠા પર ઝૂકેલા વૃક્ષો, દેવદારની હાર. ઊંચી ભેખડો અને જઈ રહેલો નીલો-શ્વેત જળરાશી. સ્વર્ગનો કોઈ ટૂકડો અહીં મૂકાયો જાણે !

બપોર ક્યારનીય થઈ ગઈ હતી મુખવા પહોંચ્યા ત્યારે. માતંગ ઋષિનું ગામ છે આ. ઋષિએ ગંગામૈયાને પ્રસન્ન કરેલા ત્યારે એમને આશીર્વાદ આપતા કહેલું કે શિયાળામાં માતાજી ત્યાં આવીને રહેશે. ઠંડી આવતા માતાજી ગંગોત્રીની વિદાય લે છે. ગ્રામજનો મૈયાને મુખવામાં લઈ આવે છે. એટલે મૈયાનું દર્શન અહીં હતું. શું લ્હાવો મળ્યો! કોઈ ભીડભાડ નહિ. મા અને આપણે એકબીજાની સંમુખ. ન કોઈ પડદો, ન કોઈ આડશ, ન કોઈ વ્યક્તિ. ન સમયની પાબંદી, ન કોઈ રોકનાર. લાલ કેસરી વસ્ત્રો, પીળા ફૂલહાર ને આભૂષણો યુક્ત માતાનું મુખ. નર્યું નિર્મળ હેત એમની આંખોમાં નરી શ્રદ્ધા પ્રગટાવી રહે મૈયા. જય હો, જગ પાવનિ ગંગા મૈયા! સદ્‌ભાગી હું. પહેલી વાર ૧૯૯૩માં મળી શકેલો એના મૂળ થાનકે અને આજે અહીં મુખવામાં ૨૦૧૯ માં ફરીથી.

ન ગમ્યું મંદિરથી ઊતરવું, હૃદય ભાવોથી ભરાઈ જાય ત્યારે કેવી રીતે એ જગ્યાએથી ખસે ? સદૈવ ચિત્તમાં રહેવાના જ છે મા એમ મન મનાવી રસ્તા પાસે આવ્યો. જમરૂખ જેવા લાગતા એક ઝાડને ધારીને જોયું. એના ફળ જોયા. અરે, આ અખરોટ. સફરજનના વૃક્ષોની વચ્ચે એકલું ઊભું હતું. એના ફળો મોટા થઈ રહ્યા હતા. મોટા થયેલા કોઈ ફાટવાની તૈયારીમાં હતા.

ભૈરોઘાટીને વટાવી ગંગોત્રી પહોંચ્યા. મા વગરનો સૂનો સંસાર. આખું ગામ સૂમસામ. તદ્દન શાંતિ. બજારમાંથી મંદિર જઈ રહ્યા હતા. હરેક દુકાન બંધ, હરેક ઘરને તાળું, હરેક આશ્રમ સૂનો. ન કોઈ પ્રાણી, ન કોઈ પંખી, ન કોઈ મનુષ્ય. કર્ફ્યુનું જબરદસ્ત પાલન કર્યું હતુ જાણે બધાએ! પરંતુ કર્ફ્યુમાં લોકો ઘરમાં હોય જયારે અહીં રહેઠાણોમાં પણ કોઈ જ નહિ ને! માત્ર સેનાના જવાનો પહેરેગીર હતા.

મૂળ મંદિર પહોંચ્યા. શિખરોની વચ્ચે, ભાગીરથે કાંઠે નાનું શું સફેદ મંદિર ઊભું હતું ને અમે હતા. ખાલી ઈમારત હતી પ્રાણવિહીન. મન ન લાગે. ઊભવાનું મન થાય. મા ન હોય પણ પરિવારનું કોઈ હોય તો જુદી વાત પણ અહીં બીજું કોણ હોવાનું ? પણ એમ કાંઈ માનું ઘર થોડું નિરાશ કરે આપણને ? સ્વયં સરિતા સ્વરૂપા હાજર હતા જ ને !

કાંઠે જઈ શ્રદ્ધાભાવે નમન-અર્ચન કર્યું. અમૃત આચમન કર્યું ત્યારે હું કોઈ અનંતકાળનો પ્રવાસી બની રહ્યો. હજ્જારો લોકોના પડેલા પગલાઓમાં મારી પણ પગલીઓ પાડી. હજ્જારો લોકોના શ્વાસ-ઉશ્વાસ અહીં ચાલ્યા. મારા પણ કેટલાક અહીં ધબક્યા. હજ્જારો ચક્ષુઓએ આ પાવનિ ધરતી નિહાળી, મારા ચક્ષુ પણ એમાં સંમિલિત થયા. અદ્‌ભુત ધારા અંતરમાં પ્રગટી હતી ને હું લીન થયે જતો હતો.

પાછા પગલાં ભર્યા ત્યારે ઊભી દીવાલ જેવી મોટી પીળી કરાડ દેખાઈ આવતી હતી. એના ખાલીપણામાં લાલિત્ય ભરવા કોઈ લીલેરું વૃક્ષ ઊંચું થયું. એ જોઈને પીપળાના કૂળનું મેપલ જેવું લાગતું કોઈ બીજું વૃક્ષ પણ ટેકો દઈ ઊભું. એ પહાડી પીપળો હતો. એ પછી દેવદાર જમા થવા માંડ્યા. ભાગીરથીનું ઝરણું એ તરફના સુક્કાપણાને હડસેલવા, એક શિલા પરથી જોરથી નીચે ખાબક્યું ને હર્ષોલ્લાસ પ્રગટી રહ્યો. આગળ જતા પૂનઃ ગાઢ વનરાજી ભર્યા, રૂપાંબર ઓઢી શિખરો ડોકાઈ રહ્યા.

બપોરની ચા વેળાના વખતે અમે ભૈરોઘાટી જઈને ભોજન લીધું. ભોજન વિશેષ નહોતું પણ ચોતરફનું દર્શન સવિશેષ હતું. એટલે જીભે કાંઈ બહુ ફરિયાદ ન કરી. ભૈરવના મંદિરનો વિશેષ મહિમા. એ દેવતા સ્વયં વિશેષ છે.એમના મંદિર ગયા ત્યારે મંદિરને તાળું. દેવતા આપણી થોડા રાહ જોવાના ! પરંતુ મંદિરની દશા જોતા લાગ્યું કે એ બહાર રહેવાનું જ પસંદ કરતા હશે.

અંધારું ઊતરી આવવાને વાર ન લાગી. કાલીમા છવાઈ. પહાડો ઓઝલ થયા. ઘાટી આછી થઈ. આકાશ અંધકારભર્યું બન્યું. પરંતુ આ પૂર્વતૈયારી હતી ચંદ્રિકાના આગમનની. રાહ ન જોવી પડી. હળવે હળવે પૂનઃ ખુલ્યું બધું. શિખરો પર રૂપું ઢોળાયું. વૃક્ષો ઉપર રેલાયું. કાંઠા લગી આવી પહોંચ્યું રૂપું. માત્ર વહેણ બાકી રહ્યું. એ હતું તેવું ને તેવું નીલુ. નીલરૂપેરી દશ્ય ઊઘડ્યા કર્યું. ચાંદ ઉપર આવતો ગયો, વહેણ વહેતું રહ્યું, બસ સરકતી રહી ને પહાડીઓ ઉપર ટમટમી રહેલા ને ઉપર અનેકાનેક ટમટમી રહેલા તારલિયાઓમાં મન ક્યારનુંય ખોવાઈ ગયું હતું.

સગરવંશી રાજા ભાગીરથે પોતાના પૂર્વજોના પાપને ધોવાને ગંગામૈયાને ઉતારી હતી. એમના પાપ કે મારા પાપ ધોવાયા એની મને ખબર નથી પરંતુ આ મૈયાએ મારા અંતરને ધોઈ નાખ્યું હતું.

'અમે' ૩એ, ૧૯૨૯ નંદાલય હવેલી પાસે સરદાર નગર,
ભાવનગર-૩૬૪૦૦૨ મોઃ-૯૪૨૬૨૨૩૫૨૨

## વૃક્ષ ઉછેર (ભાગ-૩)

સમીર શાહ

### વૃક્ષ ઉછેરની પ્રવૃતિનું માહાત્મ્ય

વૃક્ષોને ઉછેરવાનું કામ આપણું નહિ પણ સરકારનું છે, વૃક્ષોને ઉછેરવાનું કામ કરનાર વ્યક્તિ કોઈ સામાન્ય પ્રવૃત્તિમાં સમય વિતાવતો હોય તેવું અનુમાન કરી લેવું અને આવી અનેક નબળી બાબતો જયારે વ્યાપક બની રહી છે ત્યારે, જરૂરી બને છે કે આ પ્રવૃત્તિની ગરિમા દર્શાવતા ઉદાહરણો પણ આપની સમક્ષ મુકવા.

### બીજાના ભલા માટે કામ કરનારો માણસ મહાન ગણાય

સંત કન્ફ્યુશિયસે સમ્રાટને કહ્યું કે હું તારાથી મહાન છું એટલે સમ્રાટ ચોંકી ગયા. કન્ફ્યુશિયસે કહ્યું કે હું સત્યનો ઉપાસક છું અને, સત્યની ઉપાસના કરે એ મહાન કહેવાય. સમ્રાટે બીજો પ્રશ્ન કર્યો કે તો મને એ જણાવો કે, તમારાથી પણ મહાન કોઈ વ્યક્તિ છે? કન્ફ્યુશિયસે જવાબ આપ્યો કે મારા ધ્યાનમાં એવી એક વિભૂતિ છે, જે આપણા બધાથી મહાન છે. સમ્રાટે કન્ફ્યુશિયસને તેના દર્શન કરાવવા વિનંતી કરી.

કન્ફ્યુશિયસે કહ્યું કે સમ્રાટ, એ મહાન માનવીને જોવા આપણે દૂર જવાની જરૂર નથી. તે આપણા ગામના પાદરમાં જ રહે છે. સમ્રાટને આશ્ચર્ય થયું કે કોઈ મહાન વિભૂતિ મારા ગામમાં જ રહે છે અને મને તેની જાણ પણ નથી. તેમણે કન્ફ્યુશિયસને કહ્યું કે, તમે જલ્દી કરો. મને તેના દર્શન કરવાની તાલાવેલી લાગી છે.

બંને મહેલમાંથી બહાર નીકળ્યા અને ગામને પાદર પહોચ્યાં. ત્યાં એક નાની ઝૂંપડીની બાજુમાં ખુલ્લી જમીન હતી. એ જમીન ઉપર એક વૃદ્ધ માનવી વૃક્ષારોપણનું કામ કરી રહ્યો હતો.

કન્ફ્યુશિયસે એ વૃદ્ધજન તરફ આંગળી ચીંધી અને કહ્યું કે રાજવી, આ વૃદ્ધજન એ જ આપણા રાજ્યની મહાન વિભૂતિ છે. રાજાના મનમાં આ વાત ના ઊતરી અને તેમણે કન્ફ્યુશિયસને તેનું કારણ પૂછ્યું?

કન્ફ્યુશિયસે કહ્યું કે રાજન, આ વૃદ્ધજન જે છોડ રોપી રહ્યો છે એ કાંઈ પોતાના માટે નથી વાવી રહ્યો. તેને એ પણ ખબર છે કે, તેની ઉમર એટલી બધી છે કે તે જે છોડ રોપી રહ્યો છે તે વૃક્ષ ઉપરના ફળ તે ખાઈ શકવાનો નથી. છતાં પણ, કેટલી એકાગ્રતાથી તે કામ કરી રહ્યો છે કે તેને એ પણ ખબર નથી કે તેના આંગણે રાજવી આવીને ઊભો છે. રાજન, બીજાના ભલા માટે આટલી એકાગ્રતા અને ધીરજથી આ વૃદ્ધજન જે કામ કરી રહ્યો છે તે સર્વોત્તમ છે અને માટે જ, હું તેને મહાન વિભુતિ ગણું છું. સમ્રાટ તે વૃદ્ધજનના પગમાં પડી ગયા.

### 'ગ્રીન કિંગ ઓફ ઇન્ડિયા' મહારાજા સયાજીરાવની વૃક્ષપ્રીતિ

૧૮૭૬ની સાલમાં, વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે પોતાના રાજ્યમાં એન્વાયરમેન્ટ પ્રોટેકશનનો કાયદો બનાવ્યો. તેમના શાસનમાં લીલા વૃક્ષ કાપવા ઉપર પ્રતિબંધ હતો. લીલા વૃક્ષ કાપનારને વૃક્ષની ઉમર જેટલી જ સજા થતી. ફક્ત સુકાઈ ગયેલા વૃક્ષના જ લાકડાનો ઉપયોગ કરી શકાતો. ગાયકવાડી સરકારના તમામ ગામોમાં, એક તળાવ અને ગામની વસ્તીના દસ ગણા વૃક્ષો ઉછેરવાનો કાયદો હતો. રાજવી પરિવારના સભ્યના જન્મદિવસે, આખા રાજ્યમાં વિદ્યાર્થીઓ, મહાજન મંડળો વગેરે દ્વારા ફરજિયાત વૃક્ષારોપણ કરાતું. વૃક્ષોની જાળવણીની જવાબદારી સરકારના વન વિભાગ અને લોકોની સંયુક્ત રહેતી અને તેનો રિપોર્ટ, દર વર્ષે દશેરાના દિવસે દરબારમાં મહારાજા સમક્ષ રજૂ કરાતો.

અરે થોડા જ દશકો પહેલા, ૧૯૩૯ના વર્ષમાં, રાજવી પ્રતાપસિંહ ગાયકવાડના રાજ્યાભિષેક સમયે, આ રાજવીએ પોતાના રાજ્યમાં દસ વર્ષમાં પાંચ કરોડ વૃક્ષના ઉછેરનો સંકલ્પ કર્યો હતો અને એલન નામના બ્રિટિશ અધિકારીને આ જવાબદારી સોંપવામાં આવી હતી અને તેમણે તે લક્ષ્યાંક પૂરો કર્યો હતો.

વૃક્ષ ઉછેરને પ્રોત્સાહન મળે એ માટે વડોદરા રાજ્યમાં ૬૦૦૦ નર્સરી હતી. નર્સરી માટે સરકાર જમીન આપતી હતી અને, આ વ્યયસાય કરનારને વેરામાફી પણ આપવામાં આવતી હતી. આ બધા સત્કાર્યોના કારણે, રાણી વિક્ટોરિયાએ બરોડાના મહારાજાને 'ગ્રીન કિંગ ઓફ ઇન્ડિયાના' બિરૂદથી નવાજ્યા હતા.

### વૃક્ષોનું ધ્યાન રાખવાથી 'ધ્યાન' (મેડીટેશન) ની પ્રાપ્તિ

અમદાવાદમાં રહેતા કેપ્ટન દર્શન સિંધના કહેવા મુજબ વૃક્ષો આપણને ચોખ્ખી હવા, સ્વાદિષ્ટ ફળ અને રંગીન ફૂલ વગેરે તો આપે જ છે પરંતુ, વૃક્ષો મનની શાંતિ પણ

આપે છે. તેમના કહેવા મુજબ 'ધ્યાન' શીખવા/કરવા માટે શિબિરો ભરવાની કોઈ જરૂર નથી. આપણી નજીકમાં જ, વૃક્ષો રોપીને અને તેની માવજતમાં ધ્યાન આપીને, 'ધ્યાન'ની અવસ્થા પ્રાપ્ત થઇ શકે છે કારણકે, વૃક્ષો પણ યોગગુરુ સમાન જ હોય છે. વૃક્ષોની માવજત અને જાળવણી કરતી વખતે રોજિંદા જીવનનું ટેન્શન, થાક, નાની નાની બીમારી અને દુનિયાદારી બધું જ ભૂલી જવાય છે.

### ઝાડવાને મોજ આવે, એકલાં સોરવે ને

મહારાજા કૃષ્ણકુમાર સિંહજી, એક ઉનાળે પોતાના રસાલા સાથે પોર્ટ વિક્ટર થઈને ચાંચ બંદર તરફ જવા નીકળ્યા હતા. રાત મહુવા રોકાઈને તડકો ચડે તે પહેલાં પહોંચી શકાય એટલે વહેલા અંધારે જ નીકળેલા. સવારનો નાસ્તો પણ રસ્તામાં કોઈ જગ્યાએ એકાદ વાડી કે બીજો કોઈ છાંયડો શોધીને ત્યાં બેસીને કરીશું એમ ધારેલું.

નવેક વાગે નાસ્તાનો સમય થયો તો પણ આખે રસ્તે કોઈ વાડી કે ઝાડ સરખું દેખાતું નહોતું. એટલામાં, મહારાજાએ એક ખેડૂતને ખભે તેલના ખાલી ડબ્બામાંથી બનાવેલી કાવડમાં પાણી લઈને જતાં જોયો. 'આટલામાં ક્યાંય છાંયો જડે?' મહારાજાએ ખેડૂતને પૂછ્યું. નબાપા, ઝાડનાં છાંયા તો દોહ્યલા છે પણ, મેં ખડ (ઘાસ)ની છાપરી કરી છ, ન્યાં હાલ્યા આવો ખેડૂએ કહ્યું.

મહારાજા ત્યાં ઊતર્યા. જૂએ છે કે ખેડૂત પોતે લાવેલી પાણીની કાવડ, ત્યાં વાવેલા પાંચ પીપરના ડાળાની ક્યારીઓમાં પાઈ દે છે. ક્યાંય દૂરથી લાવેલું પાણી પાઈને આવા વેરાનમાં ઝાડ ઉછેરતા માણસ જોઈને નવાઈ પામેલા મહારાજે પૂછ્યું કે 'તમારી વાડીના શેઢે વાવવાને બદલે ઠેઠ અહીં આઘે આવીને ઝાડવાં વાવીને પાય છે, તે રાજનું કે બીજા કોઈનું સોંપેલું કામ છે કે શું ?'

''ના બાપા ના. કોઈનું સોંપેલું નથી. હું તો ભગવાનનું સૂઝાડેલું કામ કરું છું. છોકરાંવ ખેતી કરે અને હું નવરો છું. તે સુઝ્યું કે, આ મારગે ક્યાંય છાંયડો નથી તે પીપરના થોડાંક ડાળા ખોસી દઉં અને ચોમાહા સુધી પાઈ દઉં તો કોળી જાય. ઠેઠ વાડીયેથી કાવડે પાણી લાવીને આ ઝાડવાને પાઉ છું.'' ખેડૂતે મહારાજાને ખાટલો પાથરી આપતાં જવાબ આપ્યો.

મહારાજાએ જોયું કે ખેડૂતે પાંચ ક્યારી કરીને પાંચ પીપરો વાવી છે. તેમણે કહ્યું, પણ બાપા, આ પાંચ ઝાડ માટે તો ઝાઝું પાણી જોઈએ. પાચ કાવડ લાવવી પડે. એનાં કરતાં એક વાવી હોત તો એક કાવડ પાણીએ પણ ટકી જાત'

ખેડૂતે મહારાજા સામે જોયું અને કહ્યું, બાપા એકલાંને આંયા વેરાનમાં સોરવે(ગમે) નૈ ને. આપણે એકલાં હોઈ તો મનમાં કેવું નો ગમે એવું થાય છે ? તો આય તે જીવ છે. ભેગાં ઊગે, ભેગાં ઊઝરે, ભેગાં મોટાં થાય તો ઈને મોજ આવે. એટલે પછી પાંચ હાર્યે વાવ્યાંપ.

ખેડૂતે 'ઝાડવાને મોજ આવે' એ માટે આઘેથી કાવડે કાવડે પાણી પાઈને ઉઝેરેલી પાંચ પીપરો આજે પણ ત્યાં છાંયો પાથરતી ઊભી છે.

### વૃક્ષોની પંક્તિ, વૃક્ષોની માતા – થીમક્કા

કર્ણાટકના રહેવાસી થીમક્કાને ૧૦૭ વર્ષની ઉમરે ભારત સરકાર દ્વારા સમાજ સેવા (વૃક્ષોના ઉછેર) માટે પદ્મશ્રી પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યા. શરૂઆતમાં સામાન્ય મજૂર તરીકે કામ કરનાર અને આજે 'સાલુમરદા' એટલેકે વૃક્ષોની પંક્તિ અને બીજું ઉપનામ વૃક્ષોની માતા તરીકે જાણીતા થીમક્કાએ, પોતાના જીવનની વિપરીત પરિસ્થિતિમાં વૃક્ષોને વાવીને ઉછેરવાનું શરૂ કર્યું અને આજ સુધીમાં તેમણે આશરે ૮,૦૦૦ વૃક્ષ વાવ્યા અને ઉછેર્યા. અને તેમાં પણ ખાસ તો, કર્ણાટકના રામનગર જિલ્લામાં ૪ કિલોમીટરના રસ્તાની બંને બાજુએ એકલા હાથે વડના ૩૮૪ વૃક્ષ ઉછેર્યા અને આજે, આ વૃક્ષનું ધ્યાન ત્યાંની સરકાર રાખી રહી છે. અનેક પારિતોષિકોથી સન્માનિત થીમક્કા ૧૦૫ વર્ષની ઉમરે દુનિયાની સૌથી વધુ શક્તિશાળી ૧૦૦ મહિલાની યાદીમાં સ્થાન પામ્યા હતા.

રાષ્ટ્રપતિભવનમાં પારિતોષિક વિતરણ સમારોહમાં પાળવામાં આવતા બધા જ શિષ્ટાચારને બાજુએ મુકીને, આપણા રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ, ઉઘાડા પગે આવેલી ૧૦૭ વર્ષની ગામડાની અભણ સ્ત્રી સામે માથું નમાવે અને, તે સ્ત્રી પોતાનો હાથ તેમના માથે મુકીને આશીર્વાદ આપે અને, આ ઘટનાને વડાપ્રધાનથી માંડીને હાજર રહેલા બધા જ મહાનુભાવો જોરદાર તાળીઓ પાડીને વધાવી લે અને આપણા રાષ્ટ્રપતિ પોતાના ટ્વીટર હેન્ડલ ઉપર લખે કે આ ઘટના મારા દિલને સ્પર્શી ગઈ છે. આનાથી વધારે, આ પ્રવૃત્તિનું કે તેના માટે જીવન કુરબાન કરનાર વ્યક્તિ માટે, બીજું કયું સન્માન હોઈ શકે !

### અસાધારણ રિવાજ – અસાધારણ પરિણામ

બિહારના ભાગલપુર જિલ્લાના ધારહારા ગામમાં વર્ષોથી ચાલી આવતો રિવાજ છે કે, દીકરીના જન્મ સમયે

૧૦ ફળાઉ વૃક્ષ વાવવા અને તેમાં ઓછામાં ઓછું એક વૃક્ષ આંબાનું હોવું જોઈએ અને, આ વૃક્ષોનું જતન કરવું. થોડા સમય પછી, આ વૃક્ષોમાંથી જે આવક શરૂ થાય છે તે રકમ, આ દીકરીના લાલનપાલન, અભ્યાસ અને લગ્ન પાછળ ખર્ચવામાં આવે છે. ગામના લોકોએ પ્રકૃતિ અને સામાજિક પ્રશ્નનો એક સાથે કેવો સુંદર ઉકેલ શોધી કાઢ્યો તેનું આ ઉત્તમ ઉદાહરણ છે.

રાજસ્થાનના પીપલાંત્રી ગામની આજુબાજુ આવેલી આરસપહાણની ખાણોના લીધે, ચારે બાજુ તેની ભૂકીની સફેદ ચાદર પથરાઈ ગઈ હતી. પાણીની સમસ્યા વધી ગઈ અને ખેતી મુશ્કેલ બની ગઈ હતી. થોડા વર્ષો પહેલા, ગામના મુખીએ ગામના જ લોકોને સાથે રાખીને, નાના નાના ચેક ડેમ બનાવવાનું શરૂ કર્યું. આજે તે ગામની આજુબાજુમાં ૧૮૦૦ ચેક ડેમ છે જેના લીધે, પાણીનું સ્તર ઊંચું આવ્યું છે અને હવે તો, ખેતી પણ શક્ય બની છે. આટલેથી સંતોષ ના થયો તો, મોટા પાયે વૃક્ષારોપણ અને તેની જાળવણીનું અભિયાન ઉપાડ્યું. ગામ લોકોએ શપથ લીધા કે, ગામમાં એક દીકરીનો જન્મ થશે અને ૧૧૧ વૃક્ષ લગાવવામાં આવશે. સફેદ રણ હરિયાળીમાં ફેરવાવા લાગ્યું. રક્ષાબંધનના દિવસે, દરેક બહેન પોતાના વૃક્ષભાઈને રાખડી બાંધે છે અને ગામના લોકો દીકરી અને વૃક્ષના જતનનો સંકલ્પ મજબૂત કરે છે. આજે આ ગામમાં, આશરે ૩,૫૦,૦૦૦ વૃક્ષો અનેક સ્વરૂપે પોતાના આશીર્વાદ વરસાવી રહ્યા છે.

**અસાધારણ વિચાર – અસાધારણ નિર્ણય – અસાધારણ સફળતા**

આપણા વૃક્ષઉછેરના વિષયથી વાત થોડી અલગ છે પરંતુ, આપણા બધા જ માટે પ્રેરણારૂપ છે અને, આપણને એક નવી દિશા બતાવતો સત્ય પ્રસંગ, જેના અમે પણ સાક્ષી છીએ માટે આપને જણાવું છું. બોટાદમાં કરિયાણાનો સારો વ્યવસાય ધરાવતા અને ગિરમાં સ્કાય ફોરેસ્ટ યુથ કલબ દ્વારા યોજાતી શિબિરમાંથી પ્રેરણા લઈને સાપ બચાવવાનું અભિયાન ચલાવનાર, પર્યાવરણ પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ, બોટાદ પાંજરાપોળમાં કાર્યરત એવા શ્રી હસુભાઈ, તેમના મિત્રોની મદદથી બોટાદ અને તેની આજુબાજુના વિસ્તારમાં વૃક્ષઉછેરનું અભિયાન તો ચલાવે જ છે પરંતુ, પોતાના સંપર્કમાં આવનાર દરેકને આ પ્રવૃત્તિનું મહત્ત્વ સમજાવે છે અને તેમને શક્ય એટલી મદદ કરે છે.

થોડા વર્ષો પહેલા, પોતાની દીકરીના લગ્ન નિમિતે જે પણ ચાંદલા સ્વરૂપે રકમ આવી તેમાં, થોડી ખૂટતી રકમ ઉમેરીને એક સારી રકમ, નવદંપતીના હાથેજ બોટાદ પાંજરાપોળમાં અર્પણ કરવામાં આવી. આપણે સૌ, આ પ્રસંગમાંથી એટલી શીખ જરૂર લઈ શકીએ કે, આવા પ્રસંગે આપણે પણ, આપણા અંગત હિત માટે જરૂર ચાંદલો ના લઈએ. પરંતુ, અગાઉથી મહેમાનોને આમંત્રણ પત્રિકામાં જ જણાવીએ કે, અમે ચાંદલો કે ભેટ લેવાના નથી પરંતુ, આપ આ પ્રસંગે તમને યોગ્ય લાગે તેટલી રકમ, વૃક્ષઉછેરના સત્કાર્ય માટે અમને આપીને પર્યાવરણ જાળવણીના શુભકાર્યમાં જોડાઈ શકો છો અને, આ રીતે જેટલી રકમ અમને મળશે તેમાં અમે પણ થોડી રકમ, અમારા કુટુંબ તરફથી જોડીશું અને આ કાર્યની શરૂઆત જયારે પણ વૃક્ષારોપણ દ્વારા કરીશું ત્યારે, ફરીથી તેમાં ભાગ લેવા આપને પણ આમંત્રણ આપીશું.

ખરેખર તો લગ્નનો પ્રસંગ બીજા સ્વરૂપે ફરીથી ઉજવાશે. શું આપણે કલ્પના કરી શકીએ છીએ કે આ રીતે કરવામાં આવેલું વૃક્ષારોપણ અને તેના ઉછેર દ્વારા નવદંપતી અને તેની સાથે સાથે આ અભિયાનમાં પોતાનો ફાળો આપનાર દરેકને કેટલા દશકાઓ સુધી આશીર્વાદ મળતા રહેશે ?

આ તો વાત થઇ લગ્ન પ્રસંગની. શું આ વિચારને મરણ પ્રસંગે રાખવામાં આવતા બેસણામાં પણ અમલમાં ના મૂકી શકાય ? ખરેખર તો, આ એક જ કામ એવું છે કે જેના દ્વારા આપણે પણ, સદગત્તના આત્માને શાંતિ મેળવવામાં મદદરૂપ થઇ શકીએ છીએ.

સાચી વાત છે કે વિચાર અસાધારણ છે પણ, પર્યાવરણ તો અસામાન્ય થઇ ગયું છે અને માટે જ, કામ પણ અસાધારણ કરવું પડે તેમ છે. આ વાત આપની સમક્ષ મુકવાનું એક માત્ર કારણ એ છે કે, આપ આ પ્રવૃત્તિમાં રસ ધરાવો છો અને માટે જ, તમે આની ઉપર હકારાત્મક રીતે વિચાર કરી શકશો.

('વૃક્ષઉછેર' પુસ્તિકામંથી સાભર)

॥ શ્રધ્ધાંજલિ ॥

## સ્વ. સુરેશ પરીખઃ નિતાંત પુસ્તક પ્રેમ

**અજય પાઠક**

તાજેતરમાં તા. ૨૮/૦૭/૨૦૨૦ના રોજ રાત્રે ૮ વાગે સુરત ખાતે દુઃખદ અવસાન થયું. તેમનો જન્મ તા.૨૬/૦૯/૧૯૩૩ના રોજ ભરૂચ જિલ્લાના રાજપીપળા. પ્રાથમિક શિક્ષણ રાજપીપળામાં થયું, ઈન્ટર સાયન્સ સુધી સુરતમાં અને પછીથી બી.ઈ.સિવિલ, વીજેટીઆઈ-મુંબઈ. પછીથી એમ.ઈ. વલ્લભવિદ્યાનગર. આરંભની નોકરી ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ. હેડ ઓફિસ અને પછીથી લોકભારતી સણોસરામાં કૃષિ ઈજનેરીના પ્રાધ્યાપક તરીકે. ત્યારબાદ વિનોબાજી પ્રેરિત ભૂદાન ચળવળમાં પૂરા સમયના કાર્યકર તરીકે કામ કર્યું. વળી પાછા શિક્ષણમાં જોડાયા અને પોલિટેકનિક-સુરતમાં ૩ વર્ષ કામ પ્રાધ્યાપક તરીકે કર્યું. પછીથી પોલિટેકનિક-વલ્લભ વિદ્યાનગરમાં પ્રાધ્યાપક તરીકે ૧૦ વર્ષ તથા એન્જિનિરીંગ, ડીગ્રી કોલેજ-બી.વી.એમ. વલ્લભ વિદ્યાનગરમાં ૨૦ વર્ષ પ્રાધ્યાપક રહીને નિવૃત્તિના વર્ષ પહેલાં ૩ વર્ષ પૂર્વે સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને પોતાની પ્રિય પ્રવૃત્તિમાં કાર્યરત રહ્યા હતા. વચ્ચેના ગાળામાં ગુજરાત સરકારના રૂરલ ટેક્નોલોજી ઈન્સ્ટીટ્યુટમાં ૧૫ માસ માટે નિમંત્રણથી સેવાઓ આપી હતી.

તેમનું લગ્ન સુશીલાબહેન સાથે તા.૦૬-૦૨-૧૯૬૦ના રોજ થયું હતું. સુશીલાબહેનનો જન્મ તા. ૩૧-૦૩-૧૯૩૫ તથા તેમનું નિધન તા. ૧૭-૧૨-૨૦૦૯.

વલ્લભ વિદ્યાનગર તેમનું વ્યવસાય તથા જીવનકાર્યનું હેડક્વાર્ટર રહ્યું હતું. પરંતુ સુરેશભાઈ એકલા કે બન્ને સાથે, ગુજરાતભરમાં મિત્રો વચ્ચે હળતા-મળતા રહેનારા અને તેથી નિત્ય પ્રવાસી હોય તેવો અનુભવ કરાવનારા રહ્યા હતા. અંતિમ દિવસો સુધી, સ્વસ્થતા જળવાઈ ત્યાં સુધી, તેમનો આ ફરંદો સ્વભાવ જોવા મળ્યો હતો.

સુરેશભાઈને છેલ્લે મારે તા. ૨૫,૨૬,૨૭ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ લોકભારતી, સણોસરા મુકામે 'સમન્વય' ગ્રુપની ૭૫મી વાર્ષિક ગોષ્ઠિ પ્રસંગે નિરાંતે મળવાનું બન્યું હતું. તે પૂર્વે સદ્‌ભાવના પર્વમાં મહુવા ખાતે પણ મળ્યાનું સ્મરણ છે. આવાં વિચારકેન્દ્રી સંમેલનો કે શિબિરોમાં તેમનો જીવન્ત રસ રહ્યો હતો. સણોસરા ખાતેની આ મુલાકાત સમયે તેમણે મને અનુવાદ કરવા માટે એક અંગ્રેજી કાવ્ય પોતાના હસ્તાક્ષરમાં એક ચોથિયા કાગળમાં ઉતારીને આપ્યું. જોઈને મેં કહ્યું કે આ કાવ્ય મીરાંબહેનના પુસ્તક 'પ્રેમ કરવાની કલા'માં અંતિમ પૃષ્ઠ પર મૂકાયું છે અને કવિશ્રી જગદીશ જોષીએ અનુવાદ કર્યો છે તે પણ સામે મૂકાયો છે. તેમણે જણાવ્યું કે ''તે અધૂરું છે. અડધું છે. હવે તું આ આખું કાવ્ય કરી આપ.'' મેં કાગળ ખીચ્ચામાં મૂક્યો. ૨૦૧૬ થી મારું સ્વાસ્થ્ય બગડ્યું. સંજોગો પર કાબૂ ન રહ્યો. ૨૦૧૮ સુધી મારું આમ ચાલ્યું. થોડો સ્વસ્થ થયો, પેલું કાવ્ય શોધવા પ્રયત્ન કર્યો. પણ કાગળ મળ્યો નહીં. સુરેશભાઈનો સંપર્ક સાધવા પ્રયત્ન કર્યો. વિક્રમ સવાઈ (વિદ્યાપીઠ), જયંત ઓઝા (વલ્લભ વિદ્યાનગર), અંબરીશ કોન્ટ્રાક્ટર (ભરૂચ/વડોદરા) બધે પૂછ્યું. અસ્પષ્ટ ભાષામાં ઉત્તરો મળ્યા. પણ સમજાયું કે સુરેશભાઈએ સ્વસ્થતા ગુમાવી છે. પ્રયત્નો કરવા છતાં એ એનો નિમસ કાવ્ય ન મળ્યું. મીરાંબહેનના પુસ્તકમા છે. તેનો આરંભ આમ છેઃ

I love you
Not only for what you are,
But for what I am when I am with you.

સુરેશભાઈ તો વિચારના માણસ હતા. પણ તેમની આ કાવ્યને પૂર્ણ સ્વરૂપે રૂપાંતરિત કરાવવાની ઝંખનામાં હું તેમની પ્રેમની લાગણીનો સૂક્ષ્મ પણ પ્રબળ તંતુ અનુભવી શક્યો. સુરેશભાઈ નિતાંત પુસ્તક પ્રેમી હતા. પણ છેવટની અવસ્થામાં પુસ્તક પણ ખરી પડે છે ત્યારે પ્રેમની ઝંખના (આપવાની કે પ્રાપ્ત કરવાની) હૃદયમાં અસ્ખલિત રીતે વહેતી હોય છે.

સુરેશભાઈને પહેલું મળવાનું બન્યું હતું 'ગાંધી પીસ ફાઉન્ડેશન', પાલડી, હિમાવન, અમદાવાદ ખાતે. મિટીંગના સ્વરૂપમાં મિત્રો રાખ્યા હતા. સર્વશ્રી વિક્રમ સવાઈ, મંદાકિની દવે, જગદીશભાઈ, તથા અન્ય, સુરેશ પરીખ 'વિચાર વલોણું' પત્રિકા વલ્લભ વિદ્યાનગરથી પ્રસિધ્ધ કરતા હતા. એક વર્ષ પૂરું થયું હતું. મુદ્દો હતો 'આ પત્રિકા શરૂ રાખવી કે નહિ?' અભિપ્રાયાર્થે સુરેશભાઈએ મુદ્દો મૂક્યો હતો. અનુભવની વાસ્તવિક્તાની ચર્ચા થઈ હતી. અનુભવ બહુ ઉત્સાહપ્રેરક ન હતો. આમછતાં મેં ભારપૂર્વક જણાવ્યું હતું કે પત્રિકા શરૂ રાખવી. સુરેશભાઈ 'વિચાર'ને વરેલા હતા. આ પ્રસંગથી મૈત્રી સંબંધ થયો તે આટલાં વર્ષ પર્યંત રહ્યો. 'વિચાર વલોણુ' આજેય સ્થિર છે.

ઈ.સ. ૧૯૯૭ થી જયંતભાઈ ઓઝા વલ્લભ વિદ્યાનગર ખાતે સ્થાયી થયા. સુરેશભાઈને મળવાનું

ત્યાં જાનકી એપાર્ટમેન્ટમાં બનતું રહેતું. ઈ.સ. ૧૯૭૭ થી ૧૯૮૩ના ગાળા દરમિયાન સુરેશભાઈને ગુણવંત શાહ યોજિત અવધૂત વાડી (બિલીમોરા)ની ગ્રંથગોષ્ઠિમાં આવવાનું બન્યું હોય કે તેમના ગુજરાત સરકારના પ્રોજેક્ટ નિમિત્તે આવવાનું બન્યું હોય; તેઓ પહેલાં મને મળવા આવી રહેતા. તેમના મિત્રપ્રેમમાં અમારા વચ્ચેનો ૧૦ વર્ષનો ઉમરભેદ ઓગળી જતો. તેમની સાદગી અને અનાગ્રહી સ્વભાવ મૈત્રી સંબંધને સાહજિક રૂપ આપતાં રહેતાં. આ સ્મરણ આજેય ધન્યતાનો અનુભવ કરાવે છે.

ભરૂચ ખાતે એક સરસ પ્રવૃત્તિ ચાલે છે. 'બુક લર્નસ ક્લબ' કવિશ્રી મુકુન્દરાય શતાબ્દી વર્ષમાં આ પુસ્તકપ્રેમીઓ સમક્ષ કવિ પારાશર્ય વિશે વાત કરવા મારે જવાનું બન્યું હતું. મેં જોયું કે પ્રથમ હરોળમાં શ્રોતા સમૂહમાં સુરેશભાઈ બેઠા હતા. પછીથી મેં જાણ્યું કે પ્રતિમાસ જોડાતી આ ગ્રન્થગોષ્ઠિમાં સુરેશભાઈ શ્રોતાની હેસિયતથી ઉપસ્થિત રહેતા હોય છે. આયુષ્યના નવમા દાયકા સુધી આવો પુસ્તકપ્રેમ પ્રગટ રહે તે ખરેખર વિસ્મયપ્રેરક છે. શિક્ષક કે અધ્યાપક ગામમાં ને ગામમાં પણ ગ્રન્થગોષ્ઠિમાં હાજર રહેવા તત્પર નથી બનતા ત્યારે સુરેશભાઈ ગુજરાતના ગમે તે ગામમાં હોય; ભરૂચની ગ્રન્થગોષ્ઠિ સમયે ઉપસ્થિત થઈ જાય. આ પુસ્તકપ્રેમ, આ નિષ્ઠા.

સુરેશભાઈને માનવ ઘડતરની પ્રક્રિયામાં રસ હતો. જીવનને સમગ્ર સંદર્ભમાં જોવાનો તેમનો અનુરોધ હતો. 'ફેસ્ટ એસેસિએટ્સ' નામનું એક સંગઠન ઊભું કરી આવી સાત્ત્વિક પ્રવૃત્તિનું નિર્માણ કરવાનો તેમનો પ્રયત્ન હતો. પછીથી 'માનવ વિકાસ કેન્દ્ર'ની સ્થાપના કરીને પણ આ જ કાર્ય. 'વિચાર'ને વરેલી એકાધિક પ્રવૃત્તિઓ ગુજરાતમાં ચાલતી રહી છે. તેમાં વલ્લભવિદ્યાનગરના સુરેશ પરીખની વિચારવલોણુની પ્રવૃત્તિ પણ નોંધપાત્ર રહી છે. આવી પ્રવૃત્તિને પોષક પરિબળો મળતાં રહેવાં જોઈએ. આવાં પોષક પરિબળો વલ્લભ વિદ્યાનગરમાં સુપ્રાપ્ય છે. સુરેશ પરીખ વલ્લભ વિદ્યાનગરના વિદ્યાજગતના ઉદ્યાનમાં ખીલેલું એક પ્રફુલ્લદલ પુષ્પ હતું. આ પુષ્પનો પરિમલ પુસ્તકપ્રેમથી પ્રગટતો હતો. અત્રે શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.

૪૩૨/એ-તપોવન, જૂનો એરોડ્રોમ રોડ, ભાવનગર-૩૬૪૦૦૧

॥ વિદ્યાવૃત્ત ॥

## સી વી એમ યુનિવર્સિટીની ADIT કોલેજને ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામો માટે AICTE દ્વારા મળી રૂ. ૪,૫૩,૦૦૦ ની ગ્રાન્ટ

આજના સતત બદલાતી ટેક્નોલોજીના યુગમાં વિદ્યાર્થીઓની સાથે ફેકલ્ટીના જ્ઞાનમાં પણ વધારો થાય તે ખૂબ જ જરૂરી છે. આ સંદર્ભે સીવીએમ યુનિવર્સિટીની ન્યૂ વલ્લભ વિદ્યાનગર ખાતે આવેલી એ. ડી. આઈ. ટી. એન્જિનિયરિંગ કોલેજના મિકેનિકલ એન્જિ. ડિપાર્ટમેન્ટને વિવિધ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામો માટે AICTE દ્વારા કુલ રૂ. ૪,૫૩,૦૦૦ની ગ્રાન્ટ મળેલ છે.

AICTE ની AQIS યોજના હેઠળ ''એપ્લાઇડ કોમ્પ્યુટેશનલ ફ્લુઇડ ડાયનેમિક્સ ફોર એન્જિનિયર્સ'' શોર્ટ ટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામ ને રૂ. ૩,૬૦,૦૦૦/-ની ગ્રાન્ટ ફાળવામાં આવી છે. જેનું આયોજન પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડૉ. વિશાલ સિંઘ દ્વારા આગામી ટૂંક સમયમાં કરવામાં આવશે.

અન્ય પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડો. રોનક શાહના જણાવ્યા મુજબ AICTE ની ATAL યોજના હેઠળ બીજી FDP ને રૂ. ૯૩,૦૦૦/- ની ગ્રાન્ટ મળેલ છે, જેનું આયોજન ''ટ્રેન્ડ્સ ઓફ સસ્ટેનેબલ એન્ડ ગ્રીન એનર્જી ટેક્નોલોજી ઈન ઇન્ડિયા'' વિષય પર ૨૧ થી ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૦ દરમ્યાન કરવામાં આવશે.

આ બંને ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન મિકેનિકલ ડિપાર્ટમેન્ટના વડા ડો. મિતેષ શાહ અને ADIT કોલેજના પ્રિન્સિપાલ ડૉ. વિશાલ સિંઘના માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે, જેનો મુખ્ય હેતુ મિકેનિકલ, ઓટોમોબાઇલ, ઈલેકટ્રિકલ અને ફૂડ ટેક્નોલોજી જેવી એન્જિનિયરિંગ બ્રાન્ચના ફેકલ્ટી મેમ્બર્સ ને આધુનિક વિષયો પર જ્ઞાન અને માહિતી પૂરી પાડવાનો છે.

ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામોના આયોજન અને મળેલી ગ્રાન્ટ બદલ સી.વી.એમ.ના અધ્યક્ષ શ્રી ભીખુભાઇ પટેલ, તથા સી.વી.એમ.ના અન્ય વિવિધ હોદ્દેદારો એ ADIT કોલેજને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગાંધીયુગના પ્રમુખ વાર્તાકારોની દાંપત્યજીવનની વાર્તાઓમાં સામાજિક ચેતના

મુકેશભાઈ ખાતરીયાભાઈ ડુંગરીયાભીલ

**પ્રસ્તાવનાઃ**

વીસમી સદીના બીજા દાયકામાં ગુજરાતી સાહિત્યમાં ટૂંકી વાર્તાના સાહિત્ય સ્વરૂપનો ઉઘાડ થયો હતો. એ પછીના ત્રીજા દાયકામાં એ ગતિ ઝડપી બને છે. એનું મુખ્ય શ્રેય ધૂમકેતુને જાય છે. ટૂંકી વાર્તાના સાહિત્ય સ્વરૂપ પર એમણે ધ્યાન કેન્દ્રિત કર્યું. અને દાયકાના અંતે તેમણે બે વાર્તાસંગ્રહો તણખામંડળ ભાગ-૧-૨ પણ આપ્યા. એ રીતે તેઓ પાછળથી ગુજરાતીના ઉત્તમ વાર્તાકારોમાં સ્થાન મેળવે છે. એ જ રીતે ધૂમકેતુના સમકાલીન વાર્તાકારોમાં રામનારાયણ વિશ્વનાથ પાઠક (રા.વિ.પાઠક) નું નામ પણ સુપ્રસિદ્ધ છે. તો વળી ગુજરાતી ટૂંકી વાર્તાના ઈતિહાસમાં કવિ વાર્તાકારો તરીકે સુંદરમ અને ઉમાશંકર જોશી પણ પ્રખ્યાત છે. એ બંનેય જેમ મૂર્ધન્ય કવિઓ તેમ મૂર્ધન્ય વાર્તાકારો પણ છે. ધૂમકેતુ લાગણીશીલ અને ભાવનાશાળી વાર્તાકાર હોવાથી લાગણીના પ્રવાહમાં ખેંચાનારા ને ખેંચી જનારા વાર્તાકાર છે તો દ્વિરેફ(રા.વિ.પાઠક) ફિલસૂફનું તાટસ્થ્ય ધરાવનારા, ચિંતનમનન પ્રેરનારા વાર્તાકાર છે. લાગણી કે વિચારનું તટસ્થતાપૂર્વક નિરૂપણ કરવામાં એ માને છે ને પોતાની લાગણીમાં પણ અવશેષપણે ખેંચાતા નથી. વાર્તામાં તેઓ ચિંતન લાવે છે, માનસશાસ્ત્રીય ગૂંચો લાવે છે, વિનોદ પણ લાવે છે. પણ એ બધું વાર્તાને ઉપકારક યોગ્ય માત્રામાં જ લાવે છે. સુંદરમની વાર્તાઓમાં દેખીતી રીતે જ માનવતાનું દર્શન કેન્દ્રસ્થાને જોવા મળે છે. એમણે જે વાર્તાઓ આપી તેમાં ગ્રામજીવન અને નગરજીવન બંનેયનું આલેખન જોવા મળે છે. એમણે માગણ અને ગુનાહિત કાર્યો કરતી કોમથી માંડીને નાગર જ્ઞાતિ સુધી વિવિધ સામાજિક સ્તરો સાથે સંકળાયેલી વાર્તાઓ આપી છે. તો વળી વાર્તાકાર તરીકે ઉમાશંકર પ્રયોગશીલ રહ્યા છે. કથાકાર તરીકે સામાજિક વાસ્તવ પ્રત્યે ઝુકાવ હોવા છતાં ટેકનિક પરત્વે ઉમાશંકર અત્યંત સભાન છે. તેમને મતે ટૂંકી વાર્તા લેખકની કોઈક વિશિષ્ટ ભાવપરિસ્થિતિને સાકાર કરવા મથતી શુદ્ધ કલાસર્જનની પ્રવૃત્તિ છે.' (કોઠારી, પૃ.૬૦)

રા.વિ. પાઠકની 'ખેમી' વાર્તામાં લેખકે ભંગીકોમના ધનિયા અને ખેમીના દાંપત્યજીવનની પ્રસન્નતાનું નિરૂપણ સુંદર રીતે કર્યું છે.

પૈસે ટકે ગરીબ હોવા છતાં પણ અંતરના વૈભવથી જીવનને ભર્યુંભર્યું બનાવી દેતું આ દંપતી સમગ્ર ભંગીસમાજનું પ્રતિનિધિત્વ કરે છે. પરણતાં પહેલાં ખેમીએ કેટલીક શરતો ધનિયા સાથે કરી હતી જેવી કે, દારૂ ન પીવો, મારઝૂડ નહીં કરવાની શરતે લગ્ન કરે છે ને ખેમી પતિ પ્રત્યે અપાર સ્નેહભાવ ધરાવે છે. આ કોમળ હૃદયની ખેમીએ એક દિવસ ગામમાં વાણિયાના ઘરે સમગ્ર સમાજની નાત જમતી હતી, એવા સમયે બધાં માણસોની વચ્ચે શેઠે ધનિયાનું અપમાન કર્યું હતું. તેથી ધનિયો ઉદાસ થઈ જાય છે ત્યારે ધનિયાનું મન હળવું કરવા પૈસા આપીને દારૂ પીવા મોકલે છે. પણ ત્યાર પછીના સમયમાં ધનિયો મિથ્યાભિમાનમાં દારૂ પીને આવે છે ને ખેમીને મારે પણ છે. ત્યારે શરતે બંધાયેલી ખેમી પોતાના પિયરમાં ચાલી જાય છે. અહીં ખેમીની શરતનું ઉલ્લંઘન કરતાં ખેમી બેધડક રીતે ધનિયાને મૂકીને ચાલી જાય છે. તેમાં તેની ખુમારી અને નીડરતા જોવા મળે છે. ત્યાર પછી ખેમી ધનિયાને ફરી મેળવવા માટે માનતાઓ રાખે છે ને અંતે ધનિયાની મા ખેમીને તેડવા આવતા ફરી તે સાસરીમાં જાય છે. પછી બંને જણ પાછા ભેગાં થાય છે. પણ એકમેકને મેળવવા માટે કરેલી માનતાના કારણે તેઓ આર્થિક ભીંસમાં સપડાય છે. ધનિયાનું મૃત્યુ થતાં ખેમી વૈધવ્ય જીવન ગાળે છે. ને બધી જ માનતાઓ પણ કરી છૂટે છે. પણ સમાજના લોકો ખેમીને બીજું નાતરું કરી લેવાનું જણાવે છે. ત્યારે 'ના ના આટલે વરસે, મારે જીવતર પર થીંગડું નથી દેવું.'(પાઠક, પૃ.૧૪૦) એવો નિર્ણય કરે છે. આ રીતે ખેમી તરુણાવસ્થામાં વિધવા થાય છે તેમ છતાં બીજા લગ્ન કરતી નથી ને પોતાના જીવતરનું સૌભાગ્ય સાચવી રાખે છે. એટલે જ પ્રેમની મહાનતા સમજાવતી એક આદર્શ ગૌરવશીલ ખેમીમાં શ્રી રણછોડલાલ છોટાલાલ પરીખને ઉચિત રીતે જ આર્યસંસ્કારિતાનું સાચું રૂપ દેખાયું છે.

'સરકારી નોકરીની સફળતાનો ભેદ' વાર્તામાં પ્રાચીન સમયથી ચાલી આવતી પરંપરા, રૂઢિઓ અને રીત- રિવાજો હિંદુ સમાજમાં જડ થઈ ગયાં છે. છતાં પણ રૂઢિપ્રિય હિંદુ સમાજ તેને વળગી રહે છે. તે જ રીતે આ વાર્તાની નાયિકા આર્યસતીના આદર્શને પોતાના ઉદયમાં કોતરીને લગ્ન કરીને પતિગૃહે આવે છે. ત્યારે પતિદેવની સેવા દેવની સમાન કરવાના પોતાના દૃઢ ખ્યાલોને છોડી શકતી નથી. પત્ની માટે પુરુષ માણસ નથી પણ દેવ છે, અને એની તો સેવા કરવા જ જોઈએ. એ સતીત્વનો આદર્શ પામેલ કન્યા આધુનિક કેળવણીના સંસ્કારવાળા મરજી વિના બીજવર થયેલા પુરુષને ગૂંગળાવી નાખે છે. છેવટે પતિને એવી

સ્થિતિમાં લાવી મૂકે છે કે સરકારી નોકરીમાં રહી લખ લખ કર્યા જ કરવું. એ જ એના માટે જીવનનું સારામાં સારું કાર્ય બની રહે છે. પરિણામે પતિ- પત્ની વચ્ચે મોટું અંતર પડી જાય છે. આમ આ વાર્તામાં સારી વસ્તુ પણ મર્યાદામાં સારી લાગે છે. એ રીતે સતીની સેવાઓ પણ મર્યાદામાં હોય તો સારી લાગે. પરંતુ અહીં મર્યાદા ઓળંગી જાય છે. તેથી સંસ્કારશીલ પતિ કેવો હેરાન થતો જાય છે તેનું વાસ્તવિક દર્શન રહેલું છે. પણ બીજી તરફ વાર્તાનાયક આટલા વર્ષો સુધી સરકારી નોકરીમાં ટકી રહીને નિષ્ઠાથી કામ કરવા બદલ તેમ જ સરકારી નોકરીમાં આટલા વર્ષે પ્રમોશન મળ્યું તેનો શ્રેય પોતાની પત્નીને જાય છે એવું જણાવે છે. એ રીતે વાર્તાનાયક પોતાનો બચાવ કરે છે. આ વાર્તા દ્વારા લેખકે સમાજમા જડ થઈ ગયેલી રૂઢિઓ -રિવાજો અને પરંપરા પર આકરા પ્રહારો-કટાક્ષો કર્યા છે. આમ, રા.વિ. પાઠકે 'સરકારી નોકરીની સફળતાનો ભેદ'માં હિંદુસમાજનો સતીનો પ્રાચીન ચાલ, 'જક્ષણી'માં વીશીવાળા મહારાજની અંધશ્રદ્ધા, 'સાચી વારતા'માં સમાજમાં સ્ત્રીઓની અવદશા અને એમનું વેચાણ તો વળી 'સૌભાગ્યવતી'માં અસહ્ય યાતના-પીડા સહન કરતી મલ્લિકા અને જીવીની અવદશા વગેરે દ્વારા સમાજની જુદી જુદી બાજુઓનાં દર્શન સુંદર રીતે કરાવ્યા છે.

સુંદરમની 'માને ખોળે' વાર્તાની નાયિકા શબૂ દાંપત્યજીવનની વિષમતાનો ભોગ બને છે. શબૂના લગ્ન બાળપણમાં મેઘા નામના પુરુષ સાથે થઈ જાય છે. પરંતુ તે ઘણાં વર્ષો સુધી સાસરે જતી નથી. પણ એક વાર શબૂના પિતા પોતાના જમાઈને યુદ્ધમાં લડાઈ કરવા સાથે લઈ જવા માટે બોલાવે છે. ત્યારે મેઘો આવે છે પણ યુદ્ધમાં જોડાતો નથી. તે રાત્રે શબૂ સાથે મેઘો પ્રથમવાર શરીર સંબંધ બાંધે છે, ને શબૂને ગર્ભ રહી જાય છે. શબૂના પિતાના મૃત્યુ પછી સમાજમાં શબૂ વિશેની ચર્ચાઓ ચાલુ થઈ જાય છે. તેથી શબૂને આણું કરાવીને સમાજના રીત-રિવાજ મુજબ સાસરીમાં વળાવી આપવામાં આવે છે. ત્યારે શબૂ તેના પતિ અને સસરાની પાછળ પાછળ ચાલી જાય છે. પરંતુ મહીસાગર નદી આવતાં જ એને બાળપણના સ્મરણો યાદ આવી જતાં એના પગની ચાલ ધીમી પડી જાય છે. બીજી તરફ નદીનું વહેણ ખૂબ આકરું હોવાથી પગ સાચવી સાચવીને મૂકીને પસાર થાય છે. પણ શબૂને રસ્તામાં તરસ લાગતા પાણી પીવા માટે પતિને જણાવે છે. પણ આજુબાજુ કૂવો કે પાણીની પરબ જોવા ન મળતા આગળ પી લેજે એવો પ્રત્યુત્તર મળે છે. પણ થોડે દૂર જતાં શબૂનું ગળું સાવ સૂકાઈ જતાં શરીરમાં ચાલવાની તાકાત ન રહેતા તે નદીના પટમાં જ બેસી પડે છે. ત્યારે એ તકનો લાભ ઉઠાવી લઈને શબૂની હત્યા કરવા માટે સસરો પોતાના પુત્ર મેઘાને મોકલે છે. એટલે મેઘો શબૂના ગળે પકડીને મારી નાખવાનો પ્રયાસ કરે છે પણ શબૂ તેને લાત મારીને દૂર ફેંકી દે છે. તે જોઈને સસરો પોતાના પુત્રને બાયલો કહીને જાતે જ શબૂની હત્યા કરે છે. અને શબૂની ચૂંદડીથી જ શબૂનું ગળું બાંધીને પિતા-પુત્ર ચાલ્યા જાય છે. એ રીતે શબૂની જીવનનાવ સાસરીમાં પહોંચતા પહેલાં જ બુઝાવી દે છે. આ વાર્તામાં લેખકે બિલાડી,કંથારનો કાંટો, કોતરની ઊડતી ધૂળ, રેતીનો તપારો, ઝાંઝવાં વગેરેનાં ઓઠાં લઈને શબૂની ભયભીત મનોદશાનું દર્શન કરાવ્યું છે.

'પૂનમડી' વાર્તામાં મુખ્યત્વે તો પૂનમડી નામની કામવાળીની વાત છે. પણ એની રજૂઆત વાર્તાકારે આકર્ષક રીતે કરી છે. લેખકે પોતાના કઠોર-મધુર દાંપત્યજીવનનો પરિચય કરાવતાં કરાવતાં કામવાળી પૂનમડીનો પરિચય સરસ રીતે કરાવ્યો છે. પોતાની પત્ની લીલા તથા કામવાળી પૂનમડી વચ્ચે જે રીતે આત્મીયતા બંધાતી જાય છે તેનું રસાત્મક ચિત્રણ લેખક આપે છે. ને વાર્તાના અંતે કજોડાનો ભોગ બનેલી પૂનમડીની શ્વસુરગૃહે વિદાયની વાત છેલ્લે આવે છે. તેમા વેદના અને ભાવિનો ભય બેય સંમિશ્ર છે. દા.ત. સાસરે જવા માટે તૈયાર થયેલી પૂનમડીની વેણી તૈયાર કરતાં લીલા દ્વારા એમાં ફૂલ ગૂંથાયાં છે કે આંસુ તે અંગેનો માર્મિક વિચાર લેખકે સરસ રીતે મૂકી આપ્યો છે. તો વળી 'ખોલકી' વાર્તામાં લેખકે કૂતરાં-બિલાડાનાં જીવનમાં જે તે રીતે બને તે પ્રકારનું, સ્થૂળ રસનું વેધક કલાદષ્ટિથી થયેલું નિરૂપણ કેટલીક રીતે અનન્ય છે. આખી વાર્તા જેના દ્વારા રજૂ થાય છે તે વાર્તાનાયિકા એના ગીધ જેવા વર માટે તો 'ખોલકી' જ ઠરે છે. એ માત્ર એની ભોગશય્યાના પાત્રથી વિશેષ નથી તો 'નાગરિકા' વાર્તામાં દાંપત્યસંબંધની વિસંવાદિતા હળવી રીતે ને છતાં વેધક રીતે રજૂ થઈ છે. પરણ્યાની પહેલી જ રાત્રે વેદાભ્યાસજડ જેવા, ગાંધી જીવનશૈલીના આંધળા અનુકરણમાં રાચતા તરંગી પતિના કારણે નાયિકા કેવી અધવારી થઈ જાઈ છે તેનું વેદના-ગર્ભ ચિત્રણ અહીં જોવા મળે છે.

ઉમાશંકર જોશીની 'મારી ચંપાનો વર' વાર્તા પ્રથમ પુરુષ એકવચનમાં રજૂ થયેલી છે. આ વાર્તા અકાળે વિધવા થયેલ લક્ષ્મીને કેન્દ્રમાં રાખી લખાયેલી છે. લગ્ન થયાંને પૂરાં બે વર્ષ ન થયાં ને એટલામાં તો પતિ અવસાન પામતાં કોડભરી જિંદગીને ઉંબરે પગ માંડતી લક્ષ્મીનું ભાગ્ય નંદવાઈ જાય છે. ને ચાર મહિનાની ચંપાના ભરણપોષણની જવાબદારી આવી પડે છે. ત્યારે લક્ષ્મી ચંપાને ઉછેરવા

પાછળ પોતાનાં શરીર અને મનને પીસી નાખે છે. પરંતુ ચંપાના વિકસવાની સાથે સાથે અંદર રહેલી ઊર્મિઓ પુનઃજીવિત થવા લાગે છે. એ ચંપાના વર વિશે ઉમંગથી વાતો કરે છે. ચંપા માટે લક્ષ્મી જે વર શોધે છે તે ઉમરમાં મોટો છે. વળી એ લક્ષ્મીની નાનપણની ગોઠણ ગૌરીનો વિધુર છે, આવી ભૂમિકા પર લક્ષ્મીની મનઃસ્થિતિના પલટા જોઈ શકાય છે. રોજિંદા વ્યવહારમાં આ પૂનમલાલને જોઈને અને લક્ષ્મીની અરસ-પરસ લાગણી ઉકેલાતી આવે છે. પણ ચંપા પૂનમલાલને જોઈને 'એવડો મોટો' એમ કહીને એક વાર તો બોલી ઊઠે છે, પણ પછીથી માની ઈચ્છાને વશ વર્તે છે. આમ ચંપાના લગ્નમાં વરની પસંદગી લક્ષ્મીની જ રહે છે. ચંપાનાં લગ્ન પછી લક્ષ્મીની જમાઈ પૂનમલાલ માટેની ચિંતા ને સેવા ઝડપથી વધવા માંડે છે. ને ચંપાનો વર ચંપાથી નહીં એટલો લક્ષ્મીથી વધારે સચવાય છે. એ રીતે લક્ષ્મીનું જીવન ચંપાના વરથી ભર્યુંભર્યું થાય છે. આ સંબંધવિકાસ ચંપાથી અછતો રહેતો નથી જ્યારે પૂનમલાલની માંદગી વધી ત્યારે જે રીતે લક્ષ્મીએ જમાઈની સેવાચાકરી ખડે પગે કરી હતી, તેમ છતાં પૂનમલાલ બચી શકતા નથી. અંતે લેખકે નોંધ્યું છેઃ 'લક્ષ્મી બીજી વાર રાંડી' (પૃ.૧૨૧) પછી લક્ષ્મીના ઉદ્ગારમાં આ જ વાતનો પડઘો કલાત્મક રીતે પડ્યો છે. લક્ષ્મી ચંપાને કહે છેઃ તું રો માં, ચંપા. હું ક્યાં રોનારી બેઠી નથી?' લેખકે અહીં નાટ્યાત્મક વક્રોક્તિઓનો સુંદર રીતે વિનિયોગ કર્યો છે. 'બે બહેનો' ઉમાશંકર જોશીની લઘુતમ વાર્તા છે. કારણ કે માત્ર ત્રણ પાનાની વાર્તા છે. વાર્તાનો આરંભ સંવાદથી થાય છે. ગોપીકાન્ત સૂર્યાનો પતિ છે, લલિતા સૂર્યાની નાની બહેન છે. લલિતા અને ગોપીકાન્તને પરસ્પરનું સ્નેહાકર્ષણ હોય છે. વાર્તાના પ્રથમ ખંડમાં ગોપીકાન્તને બે બહેનોની વિદાય માગતો બતાવ્યો છે. સૂર્યા તો ગોપીકાન્ત સાથે જવા તૈયાર થઈ જાય છે, પણ તે લલિતાને ચાર વગ્યાનો પ્રૌઢવર્ગ હોવાથી ગોપીકાન્તની ઇચ્છા છતાં તેને સાથે લઈ જવાનું માંડી વાળે છે. ને સૂર્યા અને ગોપીકાન્ત બંને જાય છે. ત્યારે લલિતા કોઈ બીજી જ લાગણી અનુભવે છે. વાર્તાના બીજા ખંડમાં લલિતા દિવાસ્વપ્ન જોયા કરે છે. પણ આ મધુર સ્વપ્ન લાંબો સમય ચાલતું નથી. આમ, આ નાનકડી વાર્તામાં સ્નેહજીવન સંકુલ સંબંધોનું મર્મસ્પર્શી નિરૂપણ છે. બે સગી બહેનો પરસ્પરને ખૂબ ચાહતી હતી, બંનેનુ પ્રિય પાત્ર પણ એક જ હોવા છતાં પણ લલિતાને મોટી બહેન સૂર્યાને ખાતર ગોપીકાન્તને છોડવો પડે છે તેનું મનોવિશ્લેષણાત્મક રીતે આલેખન કર્યું છે.

**ઉપસંહારઃ-**

ગાંધીયુગના આ ત્રણેય પ્રમુખ વાર્તાકારો ગાંધીશૈલીના રંગે રંગાયેલા હોવાથી ગાંધીજીની જેમ સમાજ-સુધારણાની વિચાર શૈલી ધરાવે છે. તેથી આ ત્રણેય વાર્તાકારોની વાર્તાઓમાં સામાજિક વાસ્તવનું નિરૂપણ જોવા મળે છે. રા.વિ.પાઠકે માનવમનની સદ્-અસદ્ વૃત્તિનું આલેખન ઊડાણપૂર્વક કળાકાર તરીકે કર્યું છે. એટલે જ એમની વાર્તાઓ એમની સજાગતાને કારણે ઊગરી ગઈ છે. સુંદરમની અને ઉમાશંકર જોશીની વાર્તાઓ નિસર્ગવાદ અને વાસ્તવવાદનો પ્રભાવ વધારે ઝીલે છે. સુંદરમ્ પોતાના પુરોગામી વાર્તાકારોની જેમ સામાજિક વાસ્તવનું નિરૂપણ પોતાની વાર્તાઓમાં લઈ આવ્યા છે, પરંતુ પાત્રના ચિત્તનું આલેખન કરતી વખતે ક્યાંય ભાવુકતામાં સરી પડતા નથી. એમની કેટલીક વાર્તાઓમાં દલિતો-પીડિતો માટેનો સમભાવ જોવા મળે છે. જ્યારે ઉમાશંકર જોશીએ વાર્તાઓ લખી છે, ત્યારે સમાજની અને જીવનની અમંગળ બાજુઓનું ચિત્ર આપે છે. સમગ્ર સામાજિક પરિવેશને ઝીણી-ઝીણી વિગતોથી ગૂંથી લઈને એ જાળમા ફસાઈ ગયેલા પાત્રનો બાહ્ય જગત અને જાત સાથેનો સંઘર્ષ સુપેરે ઉપસાવે છે. અને આ વાર્તાકાર પ્રથમ વાર પોતાની વાર્તાઓમાં ઉત્તર ગુજરાતની લોક બોલીનો વિનિયોગ કર્યો છે.

**સંદર્ભ પુસ્તકોઃ-**


૧. કોઠારી, જયંત.૧૯૭૭.(સંપા) ટૂંકી વાર્તા અને ગુજરાતી ટૂંકી વાર્તા. અમદાવાદઃ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય.

૨. જોશી, ઉમાશંકર.૧૯૩૭. શ્રાવણી મેળો. અમદાવાદઃ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય.

૩. જોશી, ઉમાશંકર.૧૯૫૯.વિસામો. અમદાવાદઃ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય.

૪. જોશી, ઉમાશંકર.૧૯૮૫. (સંપા) જોશી ઉમાશંકરની શ્રેષ્ઠ વાર્તાઓ. અમદાવાદઃ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય.

૫. દવે, મીનલ. ૨૦૧૭. સાહિત્ય સમાજનો આયનો.અમદાવાદ અરુણોદય પ્રકાશન.

૬. પાઠક, રામનારાયણ વિશ્વનાથ. પુનર્મુદ્રણ ૨૦૧૩. દ્વિરેફની વાતો-૧. અમદાવાદઃ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય.

૭. પાઠક, જયંત. ૧૯૭૦. રામનારાયણ વિ. પાઠક. અમદાવાદઃ આદર્શ પ્રકાશન.

૮. સુંદરમ્.૧૯૭૮. ગોપીથી હીરાકણી. અમદાવાદઃ સાધના પ્રકાશન.

## "Immunity passports" against viral infections, with special emphasis on COVID-19 pandemic: A scientific review on nutrition

**Swagata Dilip Tavhare**

**Background:** On 11 March 2020, WHO declared Novel Corona Virus Disease- 2019 (COVID-19) outbreak as a pandemic.[1] Scare of the Corona virus has caused quite a massive ruckus around the world. With cities going under total lock down, it's important for us to know what we can do to keep ourselves safe. Staying at home is something we've already been doing. After unlock, for important daily outdoor activities, other than the incessant hand washing, and sanitizing, what else can help is a "good immunity".

### Nutrition and immunity – the Indian scenario

The typical Indian is undergoing a nutritional shift, with unbalanced proportion of fat, salt, sugar, with low fiber intake and a sedentary lifestyle.A large population of India have a lower intake of vitamins and other micronutrients than the actual daily requirements. Common Indian population's, intake of vitamins C, D and Zinc, is generally lower than what is required for optimal immune function. These nutrition gaps lead to lower immunity levels.

### Importance of immunity in COVID-19 pandemic

The arrival of COVID-19 has finally led us realizing the importance of having immunity checks, as it has been demonstrated that if a person's immune system is strong, this fatal virus will not be able to harm the individual so easily. In order to safeguard from the disease, one must start taking care of own health seriously and must take steps to strengthen their immune system. Regular immunity checks will, therefore, be extremely important in the post-COVID-19 world – especially for the people whose immune systems have been compromised for some reason. Till the time; vaccine is developed against Corona virus, it's the responsibility on us to strengthen our immune system to tackle this pandemic. It is worthwhile to give a check on the "risk" of compromised immunity. COVID -19 treatment prescriptions importantly have focused on Vitamin C, D and other micronutrients medication.

### Nutrition and immunity

Adequate and appropriate nutrition is required for all cells to function optimally and this includes the cells in the immune system. An "activated" immune system further increases the demand for energy during periods of infection, with greater basal energy expenditure during fever. Thus, optimal nutrition for the best immunological outcomes would be nutrition, which supports the functions of immune cells allowing them to initiate effective responses against pathogens but also to resolve the response rapidly when necessary and to avoid any underlying inflammation.[2] The immune system's demands for energy and nutrients can be met from exogenous sources i.e., the diet. Some micronutrients and dietary components have very specific roles in the development and maintenance of an effective immune system throughout the life. Focusing on nutrient-rich foods and a well-balanced diet is the best way to obtain these desired nutrients. In this article, vitamins and micronutrients which are currently prescribed in COVID-19 affected patients for immunity building are discussed in view of their food sources and amount of nutrition they provide.

### Vitamin C: "The paramount rescue molecule in nature."

Vitamin C; is best known for its antioxidant properties, being able to scavenge damaging reactive oxygen species, thus protecting the body's cells and tissues from oxidative damage. It is an important co-factor involved in the formation of blood vessels, cartilage, muscle and collagen in bone and is vital for the healing process. It is multi-functional vitamin which supports healthy immune function.[3] Apart from immunity, vitamin C is attributed with functions like reduction in endothelial dysfunction and cardiovascular disease risk, management of hypertension, prevention of

stroke, certain types of cancer, diabetes, gout and possibly even Alzheimer's disease.[4] It is reported that, during infection, vitamin C levels can be depleted. Person's requirement for vitamin C increases with the severity of infection.[5]

As of February 2020, the clinical characteristics of patients hospitalized with COVID-19 related pneumonia indicated that 26% were transferred to the ICU because of complications such as ARDS and shock. Recently published randomized clinical trial carried out in the USA on 167 patients with sepsis-related ARDS indicated that administration of ~ 15 g/day of vitamin C for 4 days may decrease mortality in these patients.[7]

Vitamin C deficiency results in impaired immunity and higher susceptibility to infections. In turn, infections significantly impact on vitamin C levels due to enhanced inflammation and metabolic requirements. Common Indian food sources along with their Vitamin C nutrition value and daily requirement have been mentioned in Table 1.[8]

**Table 1: Food sources of Vitamin C**

| No. | Food source | Milligrams per serving | Percent Daily value |
|---|---|---|---|
| 1 | Red pepper, sweet, raw, ½ cup | 95 | 106 |
| 2 | Orange juice, ¾ cup | 93 | 103 |
| 3 | Orange, 1 medium | 70 | 78 |
| 4 | Grapefruit juice, ¾ cup | 70 | 78 |
| 5 | Kiwifruit, 1 medium | 64 | 71 |
| 6 | Green pepper, sweet, raw, ½ cup | 60 | 67 |
| 7 | Broccoli, cooked, ½ cup | 51 | 57 |
| 8 | Strawberries, fresh, sliced, ½ cup | 49 | 54 |
| 9 | Brussels sprouts, cooked, ½ cup | 48 | 53 |
| 10 | Grapefruit, ½ medium | 39 | 43 |
| 11 | Broccoli, raw, ½ cup | 39 | 43 |
| 12 | Tomato juice, ¾ cup | 33 | 37 |
| 13 | Cabbage, cooked, ½ cup | 28 | 31 |
| 14 | Cauliflower, raw, ½ cup | 26 | 29 |
| 15 | Potato, baked, 1 medium | 17 | 19 |
| 16 | Tomato, raw, 1 medium | 17 | 19 |
| 17 | Spinach, cooked, ½ cup | 9 | 10 |
| 18 | Green peas, frozen, cooked, ½ cup | 8 | 9 |

**Note:** Foods providing 20% or more of the daily value are considered to be high sources of a nutrient, but foods providing lower percentages also contribute to a healthy diet.

**VITAMIN D**

Vitamin, also known as a steroid hormone, produced endogenously with the effect of ultraviolet radiation on the skin or available from exogenous food sources or dietary supplements. Vitamin D insufficiency affects the immune functions as vitamin D exerts an immunomodulation role,[9] increasing innate

immunity by secretion of antiviral peptides[10,11] which improves mucosal defenses. In clinical studies, low levels of serum vitamin D were associated with acute respiratory tract infections including epidemic influenza.[12,13] A recent meta-analysis incorporating data from eight observational studies reported that subjects with a serum vitamin D concentration <50 nmol/l (i.e. <20 ng/ml) had a 64% increased risk of community-acquired pneumonia [11].[14] Some retrospective studies determined the correlation of vitamin D levels with COVID-19 severity and mortality.[15,16] A recent data reported the antiviral effects of vitamin D, which can hinder viral replication directly, and also be effective in an anti-inflammatory and immunomodulatory way.[17] Table 2 narrates common Indian food sources along with their Vitamin D nutrition value and daily requirement.[18]

**Table 2: Food sources of Vitamin D**

| N | Food | Micrograms per serving | Percent Daily value |
|---|---|---|---|
| 1 | Cod liver oil, 1 table spoon | 34 | 170 |
| 2 | Salmon (sockeye), cooked, 3 ounces | 14.2 | 71 |
| 3 | Mushrooms, white, raw, sliced, exposed to UV light, 1/2 cup | 9.2 | 46 |
| 4 | Milk, 2% milkfat, vitamin D fortified, 1 cup | 2.9 | 15 |
| 5 | Sardines (Atlantic), canned in oil, drained, 2 sardines | 1.2 | 6 |
| 6 | Soy, almond, and oat milks, vitamin D fortified, various brands, 1 cup | 2.5−3.6 | 13-18 |
| 7 | Egg, 1 large, scrambled (vitamin D is in the yolk) | 1.1 | 6 |
| 8 | Tuna fish (light), canned in water, drained, 3 ounces | 1 | 5 |
| 9 | Cheese, cheddar, 1 ounce | 0.3 | 2 |
| 10 | Mushrooms, portabella, raw, diced, 1/2 cup | 0.1 | 1 |
| 11 | Chicken breast, roasted, 3 ounces | 0.1 | 1 |

**Note:** Foods providing 20% or more of the DV are considered to be high sources of a nutrient, but foods providing lower percentages of the DV also contribute to a healthy diet.

**Sun exposure: An important points to be noted for achieving optimum Vitamin D levels in body**

Most people meet at least some of their vitamin D needs through exposure to sunlight.[19] Complete cloud cover reduces UV energy by 50%; shade (including that produced by severe pollution) reduces it by 60%.[20] UV radiation does not penetrate glass, so exposure to sunshine indoors through a window does not produce vitamin D.[21] Sunscreens with a sun protection factor (SPF) of 8 or more appear to block vitamin D-producing UV rays. Approximately 5–30 minutes of sun exposure between 10 AM and 3 PM at least twice a week to the face, arms, legs, or back without sunscreen usually lead to sufficient vitamin D synthesis.[22] Individuals with limited sun exposure need to include good sources of vitamin D in their diet or take a supplement to achieve recommended levels of intake.

**Zinc**

Zinc possesses a variety of direct and indirect antiviral properties, which are realized through different mechanisms. Administration of zinc supplement has a potential to enhance antiviral immunity, both innate and humoral, and to restore depleted immune cell function or to improve normal immune cell function, particularly in immuno-compromised or elderly patients. Zinc may also act in a synergistic manner when co-administered with the standard antiviral therapy,

as was demonstrated in patients with hepatitis C, HIV and SARS-CoV-1. Effectiveness of zinc against a number of viral species is mainly realized through the physical processes, such as virus attachment, infection. Zinc may also protect or stabilize the cell membrane which could contribute to blocking of the virus entry into the cell.[23] Common Indian food sources along with their zinc content and daily requirement have been narrated in table 3.[24]

**Table 3: Food sources of Zinc**

| N | Food | Milligrams per serving | Percent daily value |
|---|---|---|---|
| 1 | Oysters, cooked, breaded and fried, 3 ounces | 74 | 673 |
| 2 | Crab, Alaska king, cooked, 3 ounces | 6.5 | 59 |
| 3 | Lobster, cooked, 3 ounces | 3.4 | 31 |
| 4 | Baked beans, canned, plain or vegetarian, ½ cup | 2.9 | 26 |
| 5 | Breakfast cereal, fortified with 25% of the DV for zinc, 1 serving | 2.8 | 25 |
